Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

आचार्य श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૩૯ મું
અંક ૧ લો.

સંવત ૧૯૯૭
શ્રાવણ



મોતીશા શેઠની ટુંક-પાલીતાણા.

आ. श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | |
|---|---|---|
| ૧. પ્રભુ સ્તુતિ. | | ૧ |
| ૨. નૂતન વર્ષાભિનંદન. | ( કવિ રેવાશંકર વાલજી બધેકા ) | ૨ |
| ૩. નૂતન વર્ષનું મંગલમય વિધાન | ( સંપાદક મંડલ ) | ૩ |
| ૪. "શ્રી આત્માનંદ પ્રકાશ" માટેના આશીર્વાદો. | ( જુદા જુદા મુનિમહારાજાઓ ) | ૨૬ |
| ૫. અભિનંદન. | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૨૬ |
| ૬. પર્યુષણ મહાપર્વનો દિવ્ય સંદેશ. | ( મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ ) | ૮ A |
| ૭. પર્વાધિરાજ પર્યુષણ પર્વ. | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૯ |
| ૮. વિચારશ્રેણી. | ( આ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૧૧ |
| ૯. પર્યુષણા : આત્મસિધ્ધિનું મહાપર્વ... | ( ડૉ. ભગવાનદાસ મ. મહેતા ) | ૧૩ |
| ૧૦. પ્રેમથી મુક્તિ | ( ચોકસી ) | ૧૫ |
| ૧૧. ઉપદેશક પુષ્પો. | ( પં. શ્રી સમુદ્રવિજયજી મહારાજ ) | ૧૭ |
| ૧૨. શ્રી મુનિસુંદરસૂરિ. | ( મોહનલાલ દ. દેશાઇ B. A. LL. B. Advocate ) | ૨૦ |
| ૧૩. ચોવીશ તીર્થંકરનું સ્તવન... | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૨૨ |
| ૧૪. વર્તમાન સમાચાર. ( પંજાબ સમાચાર ) | | ૨૪ |
| ૧૫. સ્વીકાર સમાલોચના. | | ૨૫ |


## ગ્રાહકોને વિનંતિ.

આજે જ્યારે પ્રચંડ યુદ્ધ ચાલી રહ્યું છે અને કાગળો વગેરેના ભાવ અઢીગણા થઇ ગયા છે, જેથી 'શ્રી આત્માનંદ પ્રકાશ' નો ખર્ચ લવાજમ કરતાં વિશેષ વધ્યો છે, જેથી અમારા માનવંતા ગ્રાહકોને નમ્ર વિનંતિ છે કે તેઓ ગ્રાહક તરિકે ચાલુ રહે એટલું જ નહિ, પણ નવા ગ્રાહકો મેળવી આપવાની પોતાની ફરજ સમજી આ પરિસ્થિતિમાં અમને યોગ્ય સાથ આપે; તેમજ ચાલુ કે નવા ગ્રાહકો ચાલુ રહી અમોને એ રીતે ઉત્તેજન આપે તેવી નમ્ર સૂચના છે. આડત્રીશ વર્ષથી ચાલતા માસિક માટે તેમજ તેની વધતી જતી સુંદરતા માટે અમારે આથી વિશેષ કાંઇ જ કહેવાનું ન જ હોય તેથી આ સૂચના સર્વ ગ્રાહક મહાશયો ધ્યાનમાં લે તેમ ફરીથી આગ્રહભરી વિનંતિ છે.

—વ્યવસ્થાપક.

"શ્રી આત્માનંદ પ્રકાશ"નું સંપાદક મંડલ.

ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.

શેઠ ફતેહચંદ ઝવેરભાઇ. શેઠ હરિલાલ દેવચંદભાઇ.

વ્યવસ્થાપક.

શાહ કાન્તિલાલ ભગવાનદાસ.

"શ્રી આત્માનંદ પ્રકાશ" ના લવાજમ સંબંધી પત્રવ્યવહાર વ્યવસ્થાપકના નામથી કરવો.

લેખો સંબંધી પત્રવ્યવહાર સંપાદક મંડલના નામથી કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વાસુપૂજ્ય ( પ્રભુ ) ચરિત્ર.

## ( શ્રી વર્દ્ધમાનસૂરિકૃત. )

૫૪૭૪ શ્લોકપ્રમાણુ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્દ્ધમાનસૂરિજી**એ સં. ૧૨૯૯ ની સાલમાં લખેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વશક્તિ અદ્ભુત છે, તે તેમાં આવેલ સર્વ પ્રકારના રસોની પરિપૂર્ણતા જ બતાવી આપે છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ભાષાંતર છે. ઊંચા એન્ટ્રીક કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોમાં છપાયેલ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકિકતોના વર્ણનો સાથે પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહ્લાદક કથાઓ આપેલી છે, કે જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચવા મન લલચાય છે અને પૂરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપર ગ્રાહ્ય અને સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે. પ્રભુના ત્રણ ભવોના–જીવનના નહિ પ્રગટ થયેલ જાણવા જેવાં અનેક પ્રસંગો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુએ સ્થળે સ્થળે વિચરી આપેલ વિવિધ વિષયો ઉપર આદરણીય દેશનાઓ એ તમામ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

આ ગ્રંથની કૃતિ જેમ ઉત્તમોત્તમ છે, તેમ ગ્રંથની બાહ્ય સુંદરતા કરવામાં સુંદર વિવિધ રંગની છબીઓ જેવી કે–(૧) **શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજની** કે જે ગ્રંથ ઉઘાડતાં પ્રથમ ગુરુદર્શન થાય છે. ત્યારબાદ (૨) આર્થિક સહાય કરનાર દયાવારિધિ દાનવીર નરરત્ન **શેઠ સાહેબ માણેકલાલભાઈ ચુનીલાલ જે. પી.** ની છબી જોતાં તેમની સખાવતો માટે અનુમોદના કરવી પડે છે. (૩) ત્રીજી છબીમાં શ્રી **વાસુપૂજ્ય પ્રભુની** સૌમ્યમૂર્તિનાં દર્શન થાય છે. (૪) પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી તીર્થસ્થાપન કરે છે તે વખતની **શાસનદેવી** અને **યક્ષ** સહિત પાંચ રંગની છબીના દર્શન કરતાં આત્માને અનહદ પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. છેવટે (૫) **શ્રી ચંપાપુરીના વનમાં પ્રભુ મોક્ષમાં પધારે** છે તે વખતની ભવ્ય, સુંદર, શુક્લધ્યાનારૂઢ, સૌમ્ય, શીતલ અનેક રંગમાં તૈયાર કરેલી મૂર્ત્તિના દર્શન કરતાં આત્મામાં શાંતિ, શીતળતા અને અપૂર્વ આનંદ પ્રગટ થાય છે. (૬) શ્રી **ચંપાપુરી**માં આવેલ વર્તમાન **જૂના અને નવા મંદિરની** છબીઓ તેમજ તેના પૂંઠા ઉપરના કવર ઉપર **અર્વાચીન મંદિર** સાથે સુંદર કવર બે રંગમાં બનાવી પ્રકટ કરેલ છે જે, બને પ્રકારની સુંદરતા કરવામાં મોટો ખર્ચ કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં પ્રગટ થયેલા કોઇપણ ગ્રંથપ્રકાશનોમાં આ ગ્રંથમાં આવેલા સુંદર ચિત્રો હજુસુધી આવેલા નથી જે જોવાથી જ માલૂમ પડે તેવું છે.

એકંદરે આ ચરિત્ર પહેલેથી છેલ્લે સુધી મનનપૂર્વક વાંચવા જેવું અને પઠનપાઠ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમાં નિરંતર ઉપયોગ કરવા યોગ્ય છે, જેને માટે વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જેવું છે.

**કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.**

( આ ગ્રંથ માટે મુનિમહારાજાઓ વગેરેના જે સુંદર અભિપ્રાયો મળે છે તેની નોંધ માસિકમાં આપવામાં આવે છે )

---

# શ્રી મહાવીર જીવનચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્રસૂરિજીકૃત )

બાર હજાર શ્લોકપ્રમાણ મૂળ પ્રાકૃત ભાષામાં, વિસ્તારપૂર્વક સુંદર શૈલીમાં, આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્રગણિએ સં. ૧૧૩૯ની સાલમાં રચેલ આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુકત, સુંદર અક્ષરોમાં પાકા કપડાનાં સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રગટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવા પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૩–૦–૦ પોસ્ટેજ જુદું

---

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર. ( ભાષાંતર )

## ભા. ૧ લો તથા ૨ જો

(અનુવાદકઃ–આચાર્ય મહારાજશ્રી અજિતસાગરજી મહારાજ)

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન, શ્રી સુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્ય જીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ અને શ્રાવકજનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વગેરેનું વર્ણન ઘણું જ વિશાળ રીતે આપેલ છે. આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા, અદ્ભુત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચારવ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વિગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચારવિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઊંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા ૪–૮–૦. પોસ્ટખર્ચ અલગ.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનંદ પ્રકાશ

## ત્રણ યોગો

**कर्तुमिच्छोः श्रुतार्थस्य ज्ञानिनोऽपि प्रमादतः ।**
**विकलो धर्मयोगो यः स इच्छायोग उच्यते ॥१॥**
**शास्त्रयोगस्त्विह ज्ञेयो यथाशक्त्यप्रमादिनः ।**
**श्राद्धस्य तीव्र बोधेन वचसाऽविकलस्तथा ॥२॥**
**शास्त्रसंदर्शितोपायस्तदतिक्रांतगोचरः ।**
**शक्त्युद्रेकाद्विशेषेण सामर्थ्याख्योऽयमुत्तमः ॥३॥**

આગમાનુસારે અનુષ્ઠાન કરવાની ઇચ્છાવાળા જિજ્ઞાસુને પણ પ્રમાદથી ધર્મવ્યાપાર કરવામાં સ્ખલના થાય તેને **ઇચ્છાયોગ** કહેવામાં આવે છે; જ્ઞાનના તીવ્રબોધને અંગે શક્તિ અનુસાર અપ્રમાદી શ્રાવકનો શાસ્ત્રાનુસાર અખંડ ધર્મવ્યાપાર તેને **શાસ્ત્રયોગ** કહેવામાં આવે છે; શાસ્ત્રમાં આત્મકલ્યાણ માટે જે જે યોગના માર્ગો બતાવ્યા છે તેને પણ શક્તિના અતિશયપણાથી ઉલ્લંઘન કરવાનો વિષય છે તે સર્વ યોગમાં પ્રધાન **સામર્થ્યયોગ** કહેવામાં આવે છે.

**શ્રીમદ્ હરિભદ્રસૂરિકૃત યોગદૃષ્ટિસમુચ્ચય.**

પુસ્તક : ૩૯ મું : આત્મ સં. ૪૬ : વીર સં. ૨૪૬૭ : શ્રાવણ :
અંક : ૧ લો : * * વિક્રમ સં. ૧૯૯૭ : ઓગસ્ટ :

## પ્રભુ–સ્તુતિ

**अर्हं नौमि सदाऽऽर्हन्त्य–कारणं सकलार्हताम् ।**
**स्वस्तिश्रीजयदं श्रीमन्–महानंदमहोदयम् ॥**

સમગ્ર પૂજ્ય પુરુષોની આર્હતી લક્ષ્મીના નિમિત્તભૂત, કલ્યાણરૂપી લક્ષ્મીના દાતા અને કેવળજ્ઞાનરૂપી મહોદયવાળા **શ્રી અરિહંત** ભગવંતોની હું નિરંતર સ્તુતિ કરું છું.

× × ×

**जयत्यादिमतीर्थेश–स्त्रिलोकीमङ्गलद्रुमः ।**
**श्रेयःफलं सदा लोका, यदालोकादुपासते ॥**

ત્રણ જગતની મંગળકામનાની પૂર્તિ માટે કલ્પવૃક્ષ સમાન પ્રથમ તીર્થંકર **શ્રી ઋષભદેવ** પરમાત્મા જયવંત વર્તે છે. જેના દર્શનમાત્રથી લોકો હમેશાં આત્મકલ્યાણરૂપી ફળને પ્રાપ્ત કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષાભિનંદન

જય जिनेन्द्र! જય જય પ્રભુ, ઉરથી કહું અભિલાષ;
અત્ર સ્તવે છે પત્ર આ, 'आत्मानंद प्रकाश.' ૧
વ્હાલા વાચકવૃંદ જે, ગુણીયલ ગામોગામ;
તેઓ સૌને સ્નેહથી, આજે કરું પ્રણામ. ૨
આડત્રીશમું ઊતર્યું, આ ઓગણચાલીશ;
નવા વર્ષમાં પેસતાં, જપું પ્રથમ જગદીશ. ૩

સવૈયા અને હરિગીત.

જન્મ આપીને પાળ્યું પોષ્યું, વિકસાવ્યાં અંગો આબાદ,
મ્હારા એ સજ્જન ગ્રાહકને, આપ્યો મેં જ્ઞાનામૃતસ્વાદ;
એ જ ગ્રંથ ને એ જ પંથમાં, ઇચ્છું છું મારો સહવાસ,
'आत्मानंद प्रकाश' પત્રનો, શ્રી પ્રભુ પૂર્ણ કરો અભિલાષ. ૧
ગુરુવર્ય आत्मानंदजीના, શુભ સ્મરણની આ સભા
શ્રી જૈનશાસન સંઘમાં, પ્રગટી રહી પ્રૌઢી પ્રભા;
ગુણવાન ગ્રાહકની કદર, બસ! એ જ ઉર સંતોષ છે,
આબાદ જીવ્યું! ને જીવું!! એ અખૂટ ધનના કોષ છે. ૨
ધર્મ અને સત્કર્મતણા, લાયક લેખો મારો શણગાર,
સંત–સાધુ–ગુરુવર્ય હૃદયના, વચનામૃત મારો આહાર;
પુષ્ટ બની સંતુષ્ટ રહું એ, ઇષ્ટભાવના શ્વાસોશ્વાસ,
'आत्मानंद प्रकाश' પત્રના, અવિનાશી પૂરો અભિલાષ. ૩
મમ ગ્રાહકના હૃદયકમળની, પાંખડીઓને વિકસાવું,
સદ્દગુણની સામગ્રી સર્વે, લેખકની કલમે લાવું;
સૌરભ મ્હેકે શુભ કર્મોની, એવો પૂર્ણ કરું જ પ્રયાસ,
'आत्मानंद प्रकाश' પત્રના, અવિનાશી પૂરો અભિલાષ. ૪
સંસારનાં બંધન તૂટે, ને મોહપાશ બધો છૂટે,
માનવજનમ સાફલ્ય, આત્મિક જ્ઞાન ઉરથી ના ખૂટે;
એવાં વૃત્તાંતો વર્ણવું, ગ્રાહક બધા ચાહક રહે,
સદ્દબોધની સરિતા સદાએ, જૈન શાસનમાં વહે. ૫
સત્શાસ્ત્રો ને સદ્દગુરુઓના બોધતણો ભંડાર ભરું,
આમ્રવૃક્ષનાં અમૃતફળ સૌ મમ વાચકને ભેટ ધરું;
કલ્પલતા સમ કાગળ મારા, જેમાં ધર્મતણી જ સુવાસ,
'आत्मानंद प्रकाश' પત્રના, અવિનાશી પૂરો અભિલાષ. ૬
ઓગણચાલીમાં વહું ઉરની શુભ આશિષ;
ગ્રાહક, ચાહક, લેખકો, સુખી રહો દિનનિશ. ૧

લી૦ રેવાશંકર વાલજી બધેકા, ધર્મોપદેશક, ઉ. કન્યાશાળા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નૂતન વર્ષનું

# મંગલમય વિધાન.

**રાજ**નૈતિક, સામાજિક, શારીરિક, માનસિક **અને** આધ્યાત્મિક વાતાવરણવાળા સમગ્ર વિશ્વના પરિવર્તનના સંક્રાંતિકાળે **આત્માનંદ પ્રકાશ, ચાર દૃષ્ટાંતથી** નિષ્કર્મ બનેલા **સિદ્ધ** પરમાત્માને **નમન કરી,** જેના પુણ્ય નામ સાથે પ્રસ્તુત સભાનું નામ જોડાયલું છે તે સ્વ૦ શ્રી **વિજયાનંદસૂરીશ્વરને** વંદન કરી, ઉપમિતિભવપ્રપંચા કથાકારે છઠ્ઠા પ્રસ્તાવમાં ધર્મમય સમાધિવાળા યોગીઓના અધિકારવાળી જે સમતારૂપ **યોગ**નલિકા વર્ણવેલી છે, તેમજ શ્રી **વીર**વિજયજી મહારાજે સાતાવેદનીય કર્મની પૂજામાં જ્ઞાનીગમ્ય રૂડી યોગનલિકા તરીકે જેનો ઉલ્લેખ કરેલો છે, ગીતાના વાક્ય પ્રમાણે '**समत्वं योग उच्यते**' એ ભાવાર્થવાળી **યોગ**નલિકાનું સ્મરણ કરી, આજના મંગલમય પ્રભાતે ૩૯મા વર્ષમાં ધીમી પણ મક્કમ ગતિએ **પ્રવેશ** કરે છે. પ્રવેશ કરતાંની સાથે આત્મગત પ્રશ્ન પૂછે છે, કેમકે પ્રાચીન પ્રણાલિકા જો તે શુભ પરિણામ ઉપર નિર્ભર હોય તો આત્મગત પ્રશ્ન કરવો ઉચિત જ છે, કેમકે **सतां हि संदेहपदेषु वस्तुषु प्रमाणमंतःकरण-प्रवृत्तयः**-એ માનસિક શાસ્ત્રના નિયમને અનુસરીને પ્રશ્ન પૂછતાં આધ્યાત્મિક ધ્વનિ આવે છે કે ગત વર્ષમાં પ્રથમના વર્ષો કરતાં સારી જેવી પ્રગતિ થઇ છે? એ પ્રગતિએ વાચકોના વિચાર-વાતાવરણ ઉપર અસર કરી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ નીપજાવી છે? આડત્રીશ વર્ષ સુધી જનસમાજની સેવા કરતાં ગુણસ્થાનકોને અનુસરીને ભિન્ન ભિન્ન ભૂમિકાવાળા આત્માઓમાં સંસ્કારબીજો આરોપ્યાં છે? તેમજ તે સંસ્કારબીજોથી સમૃદ્ધ થઇ અમુક આત્માઓનાં આધ્યાત્મિક શરીરો ફાલ્યાંફૂલ્યાં છે? આ અને આવા અનેક પ્રશ્નો ગત વર્ષને અંતે ઉદ્ભવે છે, અને તેનો પ્રત્યુત્તર આંતર-વિચાર કરતાં યોગદ્વારા ધ્વનિત થાય છે કે અનેક આત્માઓમાં શુભાશયથી પ્રેરાયલા ગત વર્ષના લેખો-દ્વારા શુભ પ્રયત્નની સુંદર અસર થઇ ચૂકી છે, કેમકે જૈન દર્શનના અબાધિત કથન પ્રમાણે ક્રિયા વંધ્ય હોતી જ નથી તો શુભાશયથી પ્રેરાયલી સત્ક્રિયાનું ફળ સુંદર પરિણામવાળું કેમ ન હોઇ શકે?

**જૂનું અને નવું—**

કાલના અનંત મહાસાગરમાં જૂનું વર્ષ ભળી ગયું છે. વડીલની આંગળી પકડીને ચાલ્યા આવતા બાળકની જેમ નૂતન વર્ષે આવીને આપણા અંતરમાં સ્થાન લીધું છે. નૂતન વર્ષના ભીતરમાં શું શું ભર્યું છે તે આપણે જાણી **નથી** શકતા. વસ્તુતઃ સમગ્ર સંસારની સાથે મનુષ્યજીવનના સુખદુઃખનો આધાર રહેલો છે. દૂર દૂર સળગતી યુદ્ધની જ્વાળાઓ મનુષ્યને દઝાડે છે તેમજ દૂર વરસતા વરસાદની ઠંડી લહરીઓ મનુષ્યને શાંત કરે છે. નૂતન વર્ષના ઉલ્લાસમાં મનુષ્ય જીર્ણતાને ભૂલી જાય છે. નૂતન વર્ષ અનંત ભાવીની અશક્યતાઓથી ભરેલા ભંડારને ઉઘાડી નાંખે છે. આયુષ્યકર્મની દૃષ્ટિએ દરરોજ ક્ષીણ થતો મનુષ્ય નવા વર્ષને અભિનંદતી વખતે આજસુધીના ભૂતકાળ ઉપર જાણે કાળને પડકારી કહેતો હોય કે "હું અક્ષીણ-અક્ષય-અનંત શક્તિઓનો સ્વામી છું. **આત્માનંદ** પ્રકાશ એ જ મારો સત્ય પ્રકાશ છે. કાળની ઝડીઓ માત્ર મારા ઉપર થઇને વહી જવાને સર્જાયલી છે. પર્યાયરૂપે અનંત કાળમાં મારા અનેક રૂપો થઇ ગયાં પણ હું તેનો તે જ છું." એકધારો દરીયો તરવાનો હોય તો દુર્બળ મનુષ્ય થાક અને નિરાશા અનુભવે છે પણ નૂતન વર્ષ એને આશા અને આશ્વાસન આપે છે. વસ્તુતઃ કાંઇ જૂનું નથી-કાંઇ સ્થિર નથી, તમામ દૃષ્ટિભેદો છે; જૈન દર્શનની અનેકાંતદૃષ્ટિનું એ જ સૂચન છે. આત્મા અને તેનો પ્રકાશ સ્થિર છે-ધ્રુવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નૂતનવર્ષની ૩૯ મી સંજ્ઞા મનુષ્યને અનેક રીતે બોધ આપી શકે છે. તત્ત્વચિંતક **શેકસપીઅર** જ્યારે Books in brooks અને tounges in trees જુવે છે ત્યારે **પ્રથમ** કર્મગ્રંથમાં નિવેદન કરેલું સંજ્ઞાશ્રુત મનુષ્યોને કેમ ઉદ્‌બોધન ન કરી શકે? ૩+૯=૧૨ **સુધર્માસ્વામીરચિત દ્વાદશાંગીનું**, ૯-૩=૬ **તત્ત્વાર્થ** કારિકામાં નિવેદન કરેલ ઉત્તમ, મધ્યમ વિગેરે ષટ્‌પુરુષોની સંખ્યાનું, ૩×૯=૨૭ **મુનિગુણોનું**, ૯÷૩=૩ દર્શન, **જ્ઞાન અને ચારિત્રની** ત્રિપુટીનું સૂચન કરે છે. **અને સમગ્ર** રીતે વિચારતાં આ આ અમૂલ્ય જન્મમાં મનુષ્યો માટે ત્રણે યોગોથી **નવપદજીનું** આરાધન સાધવાની આવશ્યકતા સૂચવે છે. આ સંજ્ઞાશ્રુત જો આત્મજાગૃતિપૂર્વક-સમ્યક્ત્વ-પૂર્વક હોય તો જ એ સંજ્ઞામાંથી સુંદર પ્રેરણા મેળવી તદનુસાર વર્તન કરી દશ દૃષ્ટાંતોથી દુર્લભ ગણાતા માનવજન્મને સફળ કરી શકે છે.

**યુદ્ધ અને આંદોલન—**

વર્તમાનમાં ચાલી રહેલા યુદ્ધનો પ્રારંભ **જર્મનીએ રશીઆને** અનુકૂળ બનાવીને ઈંગ્લંડ, **પોલાંડ તથા ફ્રાન્સ સામે** લડાઇ જાહેર કરી ત્યારથી **થયો.** ત્યારપછી અનેક બનાવો બની ગયા. દુશ્મનો મિત્ર બની ગયા. **ફ્રાન્સ જર્મનીને** શરણે થયું અને અનુકૂળ બની ગયું. બીજી તરફ **જર્મનીએ** મિત્ર તરીકે ગણાવા છતાં **રશીઆ** ઉપર પીઠપાછળનો ઘા કર્યો. આ યુદ્ધ ચાલી રહ્યું છે ત્યાં તો **હિંદીચીન અને સીઆમ** વિગેરે પૂર્વપ્રદેશો ઉપર **જાપાન** આધિપત્ય જમાવી રહેલ છે. **અમેરિકા** અને ઇંગ્લંડે આ સામે તાકીદનાં પગલાં લેવા માંડ્યા છે. આખી દુનિઆ અગમ્ય ઉથલપાથલથી દોડી રહી છે. સામ્રાજ્યોને આકાશની જેમ અનંત તૃષ્ણા ઉપડી છે; તે ખાતર મનુષ્યસંહાર ભીષણ રીતે ચાલી રહ્યો છે. વેદાંત વચન **પિંડે તે બ્રહ્માંડે** ની માફક કર્મના નિયમો વ્યક્તિ તેમજ સમષ્ટિ–સામ્રાજ્યને પણ એક સરખા લાગુ પડે છે. ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાયોની ઉગ્રતા વ્યાપક બની છે. તેનાં ફળો સામ્રાજ્યો અને તેની પ્રજા પણ ભોગવી રહી છે; તે કર્મના પરિપાક પ્રમાણે રાષ્ટ્રો, પ્રજાઓ કર્મફળ અનુભવી રહ્યાં છે; પરંતુ આ યુદ્ધમાંથી સારગ્રહણ કરી માનવસમૂહ જો પોતાની ભૂતકાળની ભૂલો અને પાપોનો અન્યાયોનો પશ્ચાત્તાપ ન કરે અને પોતાના સંબંધો માનવહિતની ભૂમિકા ઉપર ન સ્થાપે તો આ સંહાર નિરર્થક બને, પરંતુ વિશ્વની નાનામાં નાની ઘટના પણ જો નિયમ વગરની નથી; તો પછી આ અઘોર સંહાર અર્થશૂન્ય કેમ હોઇ શકે? **સર એસ. રાધાકૃષ્ણ** કે જેઓ **પ્રખર** તત્ત્વ-ચિંતક ( philosopher ) છે તેમણે અમદાવાદમાં તા. ૧ લી ઓગસ્ટના ભાષણમાં કહ્યું છે કે-"આજની સંસ્કૃતિએ મનુષ્યને બંધનમાં નાંખી દીધો છે અને મનુષ્યે પોતાની દૃષ્ટિ ગુમાવી નાંખી છે. આજે માણસના આત્માને જાગૃત કરવાની જરૂર છે; આજના સુધારાનાં સાધનો ખોડવાળાં અને ઊંધે રસ્તે દોરનારા છે. આ આદર્શ માનવતા રહિત છે." આ ઉપરથી ફલિત થાય છે કે ઋતુઓનાં પરિવર્તન વખતે ઘણીવાર વાદળાં ચડી આવે છે અને પવન પણ જોરથી ફુંકાય છે પણ એ તોફાનો કે આંધી જ મુખ્ય છે એમ આપણે માનતા નથી. ઉત્થાન અને પતનવાળા રથના ચક્રની પેઠે રાત્રિ પછી દિવસ આવે છે તેમ આવશે અને મનુષ્યો વળી અમુક વખત સુધી વિશ્વમૈત્રી, સમાનતા અને સમન્વયનો દમ ખેંચશે. ગતવર્ષની શરૂઆતમાં યુદ્ધશાંતિને માટે બૃહચ્છાંતિના શ્લોકમય આપણે પ્રાર્થના કરી હતી પરંતુ હજી યુદ્ધ શાંત થયું નથી. આર્યાવર્તે તો પ્રાર્થનાબળ શુભ સંકલ્પદ્વારા જમાવી સમગ્ર મૈત્રીભાવના પ્રકટે તેવા માનસિક આંદોલનો ઊભાં કર્યે જવાં, એ તેનું શુભાશયવાળું મંગલ કર્તવ્ય છે.

**સંસ્મરણો—**

ગતવર્ષનાં સંસ્મરણો શ્રી **યદુનાથ** સરકારની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુખ્યતા નીચે ભારતનો રાષ્ટ્રીય ઇતિહાસ તૈયાર કરવાનો નિર્ણય થયેલ છે. મંત્રી શ્રી જયચંદ્ર વિદ્યાલંકાર છે. દિગંબર જૈન સમાજમાંથી શ્રીયુત કામતાપ્રસાદજી અને પ્રો. હીરાલાલ જૈન નીમાયા છે. આપણો શ્વેતાંબર સમાજ આવી બાબતોમાં ઉદાસીનતા સેવી રહ્યો છે; ભારતના રાષ્ટ્રીય ઘડતરમાં શ્વેતાંબર સમાજે સંસ્કૃતિ, સાહિત્ય અને કળામાં સારો ફાળો આપેલો છે, જેથી આ બાબતમાં રસ લઈ, હકીકતો રજૂ કરી, રાષ્ટ્રીય ઇતિહાસમાં જૈન દર્શનનો ફાળો અવશ્ય મેળવી લેવો જોઇએ. જૈન કોન્ફરન્સનું ૧૫ મું અધિવેશન ગતવર્ષમાં નીંગાળામાં ભરાઈ ગયું. નાની સંખ્યામાં ડેલીગેટોની હાજરી અને બીજી કોન્ફરન્સના પ્રમાણમાં ઉત્સાહ પણ ઓછો હતો અને સંગઠન માટે ભાર મૂકવામાં આવ્યો હતો. પક્ષભેદની દીવાલો જમીનદોસ્ત કરી સર્વ-સમ્મત કાર્યક્રમ ઉપર એકત્ર થવાના નિર્ણયવાળા ઠરાવો હતા, છતાં તેના સમાધાન માટે ગત વૈશાક માસમાં માલેગામમાં કોન્ફરન્સ પક્ષ અને સોસાયટી પક્ષો, ઉભય પક્ષે મળ્યા હતા. સમાધાન અને ઐક્ય માટે ઉભય પક્ષ તથા તટસ્થ પક્ષના સજ્જનોની સમિતિ નીમાઇ હતી. આ રીતે ઐક્યનું આંદોલન શરૂ થયું છે. ખાસ કરીને શેઠ કસ્તૂરભાઇ લાલભાઇ તટસ્થ તરીકે મુખ્ય છે. રમખાણોને કારણે મુંબઇમાં પ્રસ્તુત સમિતિ મળી શકી નથી. આપણે આશા રાખીશું કે તે સમિતિ જૈન દર્શનના સિદ્ધાંતોને અનુસરી સમન્વય કરી ઐક્યની ભૂમિકા ઉપર અખિલ સંઘને જૈન કોન્ફરન્સના ઝંડાતળે એકત્ર કરી અને એ રીતે જૈન સમાજને અખંડ બનાવે.

ગતવર્ષમાં ઘાટકોપરમાં સ્થાનકવાસી સમાજનું દશમું અધિવેશન મળ્યું હતું. ખાસ કરીને વીરસંઘની તેમની યોજના પ્રશંસનીય હતી. પ્રમુખ તથા સ્વાગત પ્રમુખના ભાષણોમાં સાદી અને સરલ શૈલી હતી. આડંબરી વિધાનો નહોતા; ઐક્યતા અને ઉન્નતિની યોજના સુંદર રીતે રજૂ કરી અમલ કરવા માટે ભાર મુકાયો હતો;

હિંસા-અહિંસાનો સવાલ ગત વર્ષમાં સવિશેષ પ્રમાણમાં છણાયો છે. તેનો મુખ્ય ધ્વનિ એ હતો કે ગૃહસ્થ માટેની અહિંસા અને સાધુ માટેની અહિંસાના પ્રકારોમાં જૈનદર્શને ગૃહસ્થ માટે પોતાની કુટુંબની, જ્ઞાતિની, સંઘની, વ્યવસ્થાનું ફરજ તરીકે પાલન કરવાનું હોઇ ઓછામાં ઓછી સવા વસા દયા સ્વીકારેલી છે, કેમકે સાપરાધી, ત્રસ, આરંભ વિગેરે ભેદોની તેને જરૂર પડતી હોવાથી સવા વસા દયા કહેલી છે કારણ કે ત્યાં દેશવિરતીપણું છે. નહિ તો ગૃહસ્થ તરીકેનું જીવન અતો-ભ્રષ્ટ તતોભ્રષ્ટ બનવા પામે છે. જ્યારે યોગીએ તો ગમે તે વિકટ સંજોગોમાં પણ અહિંસાનું સંપૂર્ણ અંશે પાલન કરવાનું હોય છે અને તેથી વીસ વસા દયા સ્વીકારેલી છે. આ હકીકત તરુણ જૈન પત્રમાં લેખોદ્વારા આવેલ છે. ભગવદ્ગીતાના અનુવાદની શરૂઆતમાં લો. મા. તિલકે પણ હિંસા–અહિંસાનો પ્રશ્ન ઊભો કરી અહિંસાપાલનની શકયાશકયતા જૈનદષ્ટિ અનુસાર દર્શાવેલી છે. શ્રી મુન્શી પણ આ વિચારોને અંગે કોંગ્રેસથી છૂટા પડયા છે.

ગત વર્ષમાં પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરિની ૭૦ મા વર્ષની વિદ્યામાન જયંતી ગુજરાનવાલામાં તથા પ્રસ્તુત સભા તરફથી ઉજવાઇ હતી. આ મહાત્માના ઉપદેશથી ગતવર્ષે સંવત્સરીના દિવસે ગુજરાનવાલામાં ૧૫૦ કતલખાના બંધ રહ્યા હતા એ અપૂર્વ બનાવ છે. આ સભા પ્રતિ એમના ઉપકારનો સરવાળો અપરિમિત છે. ગત માગશર માસમાં પંજાબમાં એમના ઉપદેશથી આત્માનંદ જૈન ગુરૂકુળના મકાનનું ખાંતમુહૂર્ત થયેલ છે. ખાસ કરીને ઘણા વર્ષો સુધી પાલીતાણા જૈન ગુરૂકુળના પ્રમુખપદે રહેલા અને લક્ષાધિપતિ થઇ ગયા પછી સંજોગવશાત્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થિત્યંતર થયેલા શેઠ જીવણચંદ ધરમચંદ કે જેઓ પોતાની સામાન્ય પરિસ્થિતિમાં પણ ધર્મ–ટેક જાળવી રહ્યા હતા, તેઓએ પૂ. દર્શનવિજયજી વિગેરે ત્રિપુટી પાસે ભાગવતી દીક્ષા લગભગ પાંસઠ વર્ષની વયે સ્વીકારી છે અને શ્રી જિતભદ્રવિજયજી બન્યા છે, તેમજ મનુષ્યજન્મની સાર્થકતા કરી છે. રા. નટવરલાલભાઇ કે જેઓ અત્રેના નાયબ દીવાન સાહેબ છે તેમના પ્રમુખપણા નીચે ડૉ૦ જસવંતરાય શાહ એમ. બી. બી. એસ. ને આ સભા તરફથી માનપત્ર આપવાનો મેળાવડો થયો હતો અને જૈન સમાજની સેવા બજાવવા તેમને સૂચન થયું હતું.

આ સ્ટેટના આ. ઇન્જીનીયર સાહેબ પારેખ છગનલાલભાઇ જીવણભાઇ એલ. સી. ઈ. ની સુપુત્રી બહેન ધૈર્યબાળા મેટ્રિકની યુનિવર્સિટીની પરીક્ષામાં ( ૫૪૦ ) માર્ક મેળવી ભાવનગરમાં આ વર્ષે પ્રથમ નંબરે પાસ થવાથી ત્રણ સ્કોલરશીપો વગેરે મેળવેલ છે, તે દાખલો અત્રે જૈન સમાજમાં અત્યારસુધીમાં પ્રથમ હોવાથી બહેન ધૈર્યબાળાને અભિનંદનપત્ર આપવાનો ઠરાવ કરેલ છે એટલે કે એ રીતે ધાર્મિક, વ્યવહારિક કેળવણીને આર્થિક સહાય, ઉત્તેજન વગેરે પણ સભા તરફથી આપવામાં આવેલ છે.

ગયા ચૈત્ર શુદ ૧ ના રોજ પ્રાત:સ્મરણીય શ્રી આત્મારામજી મહારાજના જન્મદિન ઉજવવા નિમિત્તે મુંબઈ શહેરમાં એક જાહેર મેળાવડો થતાં **શ્રી આત્માનંદ જૈન સભાની મુંબઇ**માં સ્થાપના થયેલી છે, હાલમાં તો તેના સેક્રેટરીઓ તરીકે હીરાભાઈ રામચંદ મલબારી અને વાડીલાલ જેઠાલાલ શાહની નિમણુંક થઇ છે તે પણ એક સુપ્રસંગ છે.

શ્રી સ્થાનકવાસી શતાવધાની વિદ્વાન મુનિશ્રી રત્નચંદ્રજી કે જેઓએ ગયા વર્ષમાં શ્રી સ્થાનકવાસી કોન્ફરન્સ મેળવવા, સંઘ એકત્ર કરવા સતત શ્રમ સેવ્યો હતો અને જેમણે પોતાની વિદ્વત્તાથી માગધી કોષ અભૂતપૂર્વ રીતે તૈયાર કર્યો હતો તેમના સ્વર્ગવાસથી એક વિદ્વાન જૈન મુનિની ખોટ પડી છે.

આ સભાના જે જે સભાસદ બંધુઓનો સ્વર્ગવાસ થયો છે તેના ખેદજનક અવસાનની નોંધ તે વખતે માસિકમાં લેવામાં આવી છે.

**લેખદર્શન—**

ગત વર્ષમાં કુલ ૧૧૩ મુખ્ય વિષયના ગદ્યપદ્ય લેખો આપવામાં આવ્યા છે; જેમાં ૨૯ પદ્ય, ૨ અપદ્યાગદ્ય અને ૮૨ ગદ્ય લેખોનો સમાવેશ છે. મુનિ હેમેંદ્રસાગરજીના ધર્મવિકાસી સુમન વિગેરે બે અપદ્યાગદ્ય લેખો છે. પદ્ય લેખોમાં મુનિ ન્યાયવિજયજીની કલ્યાણ–ભાવના તથા મુનિશ્રી લક્ષ્મીસાગરજીના મહાવીર સ્તુતિ વિગેરે બે લેખો છે. આ. શ્રી વિજયકસ્તુરસૂરિના પ્રભસ્તુતિ વિગેરે ત્રણ કાવ્યો છે. ધાર્મિક અધ્યાપક શ્રી રેવાશંકર વાલજીના પર્વત, કાક, જીવ, સિંહ, નદી, વૃક્ષ અને મધુકરને સંબોધનોદ્વારા લગભગ ૧૨ કાવ્યો છે. ડો. ભગવાનદાસ મહેતાના ધર્મશર્માભ્યુદયના અનુવાદ કાવ્યો આઠ લગભગ છે. આ ઉપરાંત રા. મૂળચંદભાઇ વૈરાટીના પાપભરી નાથ મુજ નાવડી તથા રા. છોટાલાલ નાગરદાસનું શાંતિજિન સ્તવન, શ્રી લલિતાંગના દેવડોકટરને વિગેરે બે કાવ્યો–આ તમામ કાવ્યો કવિસૃષ્ટિમાં અનેક અંશે નૂતનતા અર્પી રહ્યાં છે અને ભિન્નભિન્ન રીતે આત્મજાગૃતિ આપી આત્મા વૈરાગ્યાદિ વિવિધ સાધનોવડે પ્રગતિ કરી શકે તેની પ્રેરણા આપી રહ્યા છે. ગદ્ય લેખોમાં મુ. લક્ષ્મીસાગરજીના પ્રભુના જ્ઞાનનો પ્રકાશ વિગેરે સાત લેખો, પં. શ્રી ધર્મવિજયજી મ૦ના શ્રુતજ્ઞાનના સૂક્ષ્મ અને મનનીય ચાર લેખો, આ. શ્રી વિજયકસ્તૂરસૂરિનો શું દેવતા સુખી કરી શકે ? વિગેરે દશ લેખો, મુ. ન્યાયવિજયજીનો પલ્લીવાલ સમાજનો ઉદ્ધાર વિગેરે ત્રણ લેખો, મુ. હંસસાગરજીના પ્રભુ મહાવીરે ત્યાગધર્મ જ કેમ આપ્યો ? ના આઠ લેખો, પં. સમુદ્રવિજયજીનો આ. શ્રી વિજયવલ્લભસૂરિના જીવનચરિત્રનો લેખ, મુ. જ્ઞાનવિજયજીનો જૈન આગમવાંચનાનો સારવાળો ઐતિહાસિક લેખ, રા. ચોકસીના આનંદઘનજી સ્તવનના ભાવાર્થવાળા બાર લેખો, રા. અભ્યાસી બી. એ.-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના ભાગ્ય શું છે? વિગેરે અનુવાદમય છ લેખો, રા. આત્મવલ્લભના પતિવ્રતા સ્ત્રીઓનો ધર્મવાળો લેખ, રા. રાવળ બી. એ. ના દુઃખના મીઠાં ફળ વિગેરે ચાર લેખો, બાબુ ચંપતરાય જૈન બાર.એટ.લૉ. ના ગુજરાતી અનુવાદવાળો પરમાત્માના અધિરાજ્યવાળો લેખ. રા. વલ્લભદાસ ત્રિભુવનદાસના ચાર મતિ દૃષ્ટાંત વિગેરે સંગ્રાહક તરીકેના બે લેખો અને શ્રી. સુધાકરનો મોટું કોણ? નો લેખ–આ તમામ લેખોનું અતિશયોક્તિભર્યું વિવેચન નહિ કરતાં તે તે લેખોનાં વાંચનનું પરિણામ વાચકોના પારિણામિક ભાવોને સમર્પણ કરીએ છીએ, અને તેવા સુંદર લેખો આવવાથી સમાજના સુંદર અભિપ્રાયો મળેલા છે તે જ આનંદનો વિષય છે. તદુપરાંત વર્તમાન સમાચારના ૯ લેખો, પ્રવાહના પ્રશ્નો રા. સેક્રેટરી અને સંપાદક મંડલના તરફથી છે અને નૂતન વર્ષનું મંગલમય વિધાન માસિક કમિટી તરફથી આપવામાં આવેલું છે.

**ભાવના—**

નવીન વર્ષમાં શુદ્ધ દેવ, ગુરુ, ધર્મની અચળ શ્રદ્ધાપૂર્વક આધ્યાત્મિક જીવનબલની પ્રગતિ થાય તેવી સુંદર શૈલીથી લેખો આપવા ઇચ્છા રાખેલ છે; માનવજીવન પ્રાપ્ત કર્યા પછી જો મનુષ્ય પોતાના ઉપર ચોમેર પસરતા રાગદ્વેષાદિ દ્વંદ્વોનું પૃથક્કરણ (Analysis) ન કરી શકે અને તેના ઉપાયો ન મેળવી શકે તો માનવજન્મ નિરર્થક બને છે. એ અમૂલ્ય જન્મને આગામી જન્મો માટે શુભ સંસ્કારોથી સમૃદ્ધ કરવા શ્રવણ, મનન અને નિદિધ્યાસનરૂપ અભ્યાસ જરૂરી છે; અને તે શાસ્ત્રાનુસારી લેખોદ્વારા સિદ્ધ થઈ શકે છે. નવા વર્ષમાં ઉપરોક્ત હેતુને સિદ્ધ કરનાર લેખો આવશે. આ અમારી ભાવનાની સફળતા સાક્ષર લેખકોના ઉપર નિર્ભર છે. પ્રસ્તુત પત્ર સાથે સહાનુભૂતિ ધરાવનાર પૂજ્ય મુનિશ્રીઓના અને અન્ય સાક્ષર સદ્‌ગૃહસ્થ લેખકોનો આભાર માનીએ છીએ. નવીન વર્ષમાં અમારી ભાવનાને સવિશેષપણે બલ મળે તેવી રીતે સહાયભૂત થવા અન્ય સાક્ષર લેખકોને નિમંત્રીએ છીએ. ગતવર્ષમાં સિરિઝના ગ્રંથોમાં શ્રી વાસુપૂજ્ય ચરિત્ર ભાષાંતર પ્રકટ થઇ ચૂકેલું છે. પાંચમો તથા છઠ્ઠો કર્મગ્રંથ બહાર પડી ચૂકયો છે. સિવાય શ્રી આદિનાથ ચરિત્ર, શ્રી સંઘપતિ ચરિત્ર તથા કથારત્નકોષ (મૂળ) છપાય છે. બીજા કાર્યો પણ ચાલુ છે. આત્માનંદ શતાબ્દિ સિરિઝનું ગ્રંથ પ્રકાશનકાર્ય ચાલુ છે; પ્રત્યેક માસિકનું ટાઇટલ તીર્થાદિ અનેક કલામય ધાર્મિક ચિત્રોથી અલંકૃત કરવામાં આવેલું છે અને નવીન વર્ષમાં પણ આવશે. આ રીતે યત્કિંચિત્ સેવા જે આ સભા વર્ષો થયાં બજાવી રહી છે તેને માટે અંતઃકરણ પ્રશસ્ત ગૌરવ અનુભવે છે.

પ્રાતઃસ્મરણીય પ્રવર્ત્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજ કે જેમના આ સભા ઉપર અપરિમિત ઉપકાર છે, તેઓ સાહેબ ૯૨ વર્ષની વૃદ્ધવયે પણ ઉચ્ચ ભાવના અને કિંમતી સલાહદ્વારા અનેક ઉપકારો કરી રહ્યા છે અને સાક્ષરવર્ય પૂજ્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ કે જેઓ સાહેબના આ સભા તરફથી પ્રગટ થતાં પ્રાચીન જૈન સાહિત્યના અનેક ગ્રંથોનાં સંશોધનકાર્યમાં અપૂર્વ પ્રયત્ન અને કિંમતી ફાળો છે કે તેમની વિદ્વત્તાવડે આ સંસ્થા વિશેષ પ્રગતિશીલ થતી જાય છે, અને હજી પણ તે વિવિધ અપૂર્વ પ્રાચીન સાહિત્યનું સંશોધન અને પ્રકાશન શરૂ છે તેથી સભા તો તેઓશ્રીની અતિ ઋણી છે અને ઉપકાર કદી પણ ભૂલી શકે તેમ નથી.

**અંતિમ પ્રાર્થના—**

જૈન દર્શનાનુસાર કાળ, સ્વભાવ ઉદ્યમાદિ પાંચ કારણોમાં ગમે તે સંજોગોમાં એકની મુખ્યતા અને અન્યની ગૌણતા હોય છે જ. સાત નયોની પણ તેવી જ પરિસ્થિતિ છે; માટે જ જૈન દર્શન અનેકાંતદર્શન કહેવાય છે; પરંતુ એ તમામ કારણોમાં તેમજ નયોમાં ઉદ્યમની મુખ્યતાનું અવલંબન લઇને પ્રત્યેક આત્મા પ્રગતિ કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિગોદથી માંડીને મનુષ્યજીવન પર્યંત ઉદ્યમની મુખ્યતા વ્યાપક છે. અકામનિર્જરામાં પણ આત્માને દુઃખ સહનશક્તિરૂપ-આત્મવીર્યથી-પ્રગતિ કરવાની હોય છે, મનુષ્યજીવનમાં તો આત્મજાગૃતિરૂપ ઉદ્યમ મુખ્ય છે; ભવિતવ્યતા વિગેરે કારણો ગૌણ બની જાય છે. રાગદ્વેષ સુખદુઃખ વિગેરે દ્વંદ્વો (Duals) થી ભરેલી આ સૃષ્ટિમાં જૈન દર્શનનો અનેકાંતવાદ અનેક નિરાશાઓની વચ્ચે આશાવાદ પૂરે છે; આ આત્મજાગૃતિનું બીજું નામ **સમ્યક્ત્વ** છે. **આત્મપ્રબોધ** ગ્રંથના ભાષાંતરકાર તરીકે શ્રીયુત **ઝવેરભાઇ** કહે કે "સમ્યક્ત્વરૂપ બીજના ચંદ્રનો મનુષ્યજીવનમાં ઉદ્ભવ થાય તો અન્ય જન્મોમાં મનુષ્યજીવન પૂર્ણચંદ્રરૂપે (કેવળજ્ઞાનવાળું) ક્રમે પૂર્ણ થશે જ" એટલું જ નહિ પરંતુ તેથી આગળ વધીને શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રમાં કહે છે કે **अयमात्मैव संसार: कषायेंद्रियनिर्जितः** અર્થાત્ કષાય અને ઇંદ્રિયથી જીતાયલો આત્મા તે જ સંસાર છે. આત્મા જ પોતાનામાંથી જિનબિંબ અને જિનાગમરૂપ નિમિતદ્વારા સમ્યક્ત્વરૂપ અરૂપી ગુણ પ્રકટાવે છે. સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી મનુષ્યના જન્મમૃત્યુરૂપ પર્યાયો ઉપર કાબુ મેળવાતો જાય છે અને ક્રમે કરીને મૃત્યુ ઉપર વિજય મેળવાય એટલે જન્મ ઉપર વિજય મેળવી ચુકાયો. કર્મોની પરંપરાથી પરાધીન બનેલો આત્મા જાગે અને અંતરાત્મસ્વરૂપમાં રહ્યાં કરે-એ માનવજીવનનું સાધ્ય છે. **ધી ગ્રેટ ડીક્ટેટર**માં **ચાર્લી ચેપ્લીન** કહે છે કે "ઉંચે નજર માંડો! માનવીના આત્માને પાંખો ફૂટી છે; આખરે એણે ઉડ્ડયન શરૂ કર્યું છે. આશાના પ્રકાશમાં-ભાવીમાં તમે, હું અને બધા જ ભવ્ય ભાવીનું સર્જન કરવાના છીએ."-આ ઉદ્બોધક વાક્યનું સપ્રસંગ સ્મરણ કરી જિનેશ્વર પ્રભુએ નિવેદન કરેલા અસંખ્ય યોગોમાંથી ગમે તે શુભ યોગોદ્વારા પ્રસ્તુતપત્રના વાચકોના આત્માઓ પરમાત્મસ્વરૂપ મેળવવાની કળા પ્રાપ્ત કરી આત્માનો અભૂતપૂર્વ આનંદ પ્રાપ્ત કરે એ માંગલિક ઇચ્છા સાથે બાહ્યજગતમાં પ્રકટી રહેલ યુદ્ધદાવાનળ-નરમેધયજ્ઞ શાંત થઇ જાય. સંસારના ઝેરવેર, દ્વેષો નિમૂળ બને અને સર્વત્ર શાંતિની પ્રતિષ્ઠા થાય તેમ શ્રી જૈનશાસનના અધિષ્ઠાયક દેવ પ્રતિ પ્રાર્થના કરી, **આત્માનંદ**ની અમૂલ્ય પ્રાપ્તિને સૂચવતો નીચેનો શ્લોક સાદર કરી વિરમીએ છીએ.

**मोक्षोऽस्तु वा माऽस्तु परमानंदस्तु वेद्यते स खलु।**
**यस्मिन्निखिलसुखानि, प्रतिभासंते न किंचिदिव॥**

યોગશાસ્ત્ર-શ્રીમદ્ હેમચંદ્રાચાર્યકૃત.

"મુક્તિ ગમે ત્યારે પ્રાપ્ત થાઓ, પરંતુ જે **આત્માનંદ** અહીં અનુભવાય છે તેની આગળ **સમસ્ત પૌદ્ગલિક સુખો** કાંઇ બિસાતમાં નથી."

**ॐ शांतिः शांतिः शांतिः**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણા મહાપર્વનો દિવ્ય સંદેશ.

મુનિશ્રી ન્યાયવિજયજી.

**પર્યુષણા** મહાપર્વ આપણી નજીક ને નજીક આવતું જાય છે. દર વર્ષે એ મહાપર્વ આવે છે અને જાય છે. ઘડીઆળના કાંટાની માફક નિયમિત ચાલતા જતા આ કાળમાં બરાબર સમયે પર્યુષણા મહાપર્વ આવી જાય છે, અને પોતાનો દિવ્ય સંદેશ જૈન સંઘને સંભળાવી જાય છે. ખરી રીતે આ સંદેશ માત્ર જૈન સંઘને જ નહિ, સમસ્ત માનવજાતિને જ નહિ કિન્તુ સંસારના પ્રાણીમાત્રને હિતકારી છે.

આ દિવ્ય સંદેશ યદિ માનવજાતિ પોતાના જીવનમાં ઉતારે, તે પ્રમાણે આચરણ કરે તો મને પૂર્ણ વિશ્વાસ છે કે સંસારમાં અત્યારે પ્રચલિત અશાન્તિના બદલે પુનઃ શાન્તિદેવીનું સામ્રાજ્ય સ્થાપન થતાં વાર ન લાગે. આજના નરકાગાર સમા બનેલા આ સંસારમાં સ્વર્ગનાં સુખો ઉતરતાં વાર ન લાગે.

હાલના વૈજ્ઞાનિકયુગે આપણને શું શિખવાડયું તે અત્યારે બતાવવાની આવશ્યકતા નથી લાગતી. જે વિજ્ઞાન યુગની પ્રશંસા કરતાં પાશ્ચિમાત્ય વિદ્વાનો થાકતા ન હતા, આપણા પૌર્વાત્ય વિદ્વાનો પણ પાશ્ચાત્ય શિક્ષા લઇ એ શિક્ષણનાં અને વિજ્ઞાનનાં યશોગાન ગાતાં ફૂલ્યા નહોતા સમાતા. તેઓ પોતાની પ્રજ્ઞાચક્ષુનો ઉપયોગ કરી બરાબર જોઇ લ્યે કે વિજ્ઞાનયુગે દુનિયાને શું શિખવાડયું છે?

આજે યુરોપ, અમેરિકા, આફ્રિકા અને એશિઆ (ચીન-જાપાન) સુદ્ધાંમાં જે ભયંકર માનવ હત્યાકાંડ-કત્લેઆમ ચાલી રહ્યાં છે, જે લોહીની નદીઓ વહી રહી છે એ આજના વિજ્ઞાન યુગનો જ પ્રતાપ છે.

એકવાર રશીયાનો પ્રકાંડ વિદ્વાન અને પ્રખર ક્રાન્તિકારી લેખક **મેકસીમ ગોર્કી** ખેડૂતોને અત્યારનાં વૈજ્ઞાનિક આવિષ્કારોના ચમત્કાર સંભળાવી રહ્યો હતો. ભોળી ભલી ખેડૂત જનતા એ વ્યાખ્યાન મંત્રમુગ્ધ બની સાંભળી રહી હતી ત્યાં વચ્ચમાં જ જાણે કોઈએ પથરો નાંખ્યો હોય તેમ એક અનુભવી ઠરેલ વયોવૃદ્ધ ખેડૂતે એ વ્યાખ્યાનની સમાલોચના કરતાં સંક્ષેપમાં કહ્યું કે-“ આપની આટલી વાત સાવ સાચી છે કે-વિજ્ઞાને આપણને પક્ષીઓની માફક ઊંચે આકાશમાં ઊડવાનું અને માછલીઓની માફક મહાન્ સમુદ્રોમાં ઉંડા તરતાં શિખવાડયું પરન્તુ; આ વિજ્ઞાને અમારે પૃથ્વી પર કેવી રીતે રહેવું જોઇએ તે અમને બીલકુલ શીખવાડયું નથી.”

કહે છે કે આ સમાલોચના મી. ગોર્કીને પણ ગમી હતી. વાસ્તવમાં વિજ્ઞાને માનવજાતિને આ પૃથ્વી પર કેવા સહયોગ અને સદ્ભાવનાથી રહેવું જોઈએ તે શીખવાડયું જ નથી. આ ઊણપને પૂરી કરવાનું મહાન્ શ્રેય **શ્રી વીતરાગ દેવના ધર્મ**ને છે અને તેમાં એ આ પર્યુષણ મહાપર્વ આપણને ડિંડિંનાદથી પોતાનો દિવ્ય સંદેશ સંભળાવે છે કે-યદિ તમારે શાંતિથી રહેવું હોય, સંસારમાં સ્વર્ગના આનંદની મઝા માણવી હોય તો પર્યુષણાનો સંદેશ તમારા કાન ઊઘાડા રાખી સાંભળજો. સંદેશ આ છે

**खामेमि सव्वजीवे सव्वे जीवा खमंतु मे ।**
**मित्ति मे सव्वभूएसु वेरं मज्झं न केणइ ॥**

આ સૂત્રનું સંવત્સરી પ્રતિક્રમણ વખતે દરેક જૈન ઉચ્ચારણ કરે છે. સૂત્રમાં પર્યુષણા મહાપર્વનો-અરે'! જૈનધર્મનો દિવ્ય સંદેશ રજૂ કરવામાં આવ્યો છે.

આ સંદેશ કહે છે કે હું દરેક જીવો સાથે સાચા હૃદયથી ક્ષમાપના કરું છું. સંસારના દરેક જીવો મને ખમાવો-મારા અપરાધોની માફી આપો. મને સંસારના સમસ્ત પ્રાણીઓ ઉપર મૈત્રી ભાવના છે. જગતના જીવો મારા સ્નેહી-પરમ સ્નેહી મિત્રો છે-અરે જીગરજાન દોસ્તો છે. મને કોઇની સાથે-શત્રુ કે મિત્રની કોઇની સાથે-વૈર કે વિરોધ નથી.

આ સુંદર સંદેશ આજે પોતાની સ્વાર્થલિપ્સા માટે લડતા, પોતાના વિવિધ વાદોના સમથન માટે લોહીની નીકો વહેવડાવતા દેશો બરાબર સાંભળી અને સમજે કે આ વિજ્ઞાનવાદથી પ્રાપ્ત થયેલ નિર્દોષ માનવજાતિના રક્તથી રંગાયેલ વિશાલ સામ્રાજ્ય, ધનના ભંડારો કે અનાજ અને તેલના ભંડારો અમારી પાસે રહેવાનાં નથી. એ સામ્રાજ્ય, એ ધનભંડારો અને અનાજના ભંડારો અમને સાચી શાન્તિ, સાચું સુખ ઘડીભર પણ આપવા સમર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. એ વસ્તુઓ અમારી પાસે કેટલો વખત ટકશે તેનો ય સંદેહ છે. જ્યારે આ ક્ષમાપનાનો સિદ્ધાંત અમને આ પૃથ્વી પર કેવી રીતે રહેવું જોઈએ તે બરાબર શીખવાડે છે.

જો આપણા દિલમાં માનવજાતિ પ્રતિ સાચી મૈત્રી, સાચી ક્ષમાપના–ક્ષમાભાવના પ્રગટ થાય તો **સામ્રાજ્યની લિપ્સા** મૈત્રી અને ક્ષમાના ઝળહળતા તેજની સામે અંધારાની જેમ ક્ષણવારમા વિલોપ થઇ જશે. સાચી મૈત્રીભાવના અને સાચી ક્ષમા ભાવના પ્રગટ થશે તો આપસનાં વૈર અને વિરોધ, પરસ્પર અવિશ્વાસ અને વૈમનસ્ય, ક્ષમાભાવનારૂપી ભાગીરથી ગંગાના મહાપુરમાં તણાતા કચરાની માફક બધાં તણાઈ જશે અને છેવટે આપણી પાસે શરદઋતુના જલ સમા નિર્મલ સદ્‌ભાવના, સદાચાર, પ્રેમ, સ્નેહ અને અમૃતસમ મૈત્રીના મીઠા મહાસાગરો રહેશે. જૈનસંઘ આ ક્ષમાપના અને મૈત્રીના મીઠા મહાસાગરોથી પવિત્ર થઈ જગતને આ સંદેશો સંભળાવવા તૈયાર થાય એમ આ વર્ષનાં પર્યુષણપર્વ આપણને સંબોધી રહેલ છે.

યદ્યપિ આજના જૈન સમાજમાં કેટલેક ઠેકાણે વિચાર, વાણી અને વર્તનનું અસામંજસ્ય દેખાય છે. વિચાર વાણી અને વર્તનનું ઐક્ય દેખાતું નથી અને એના જ પ્રતાપે આવા મહાન સંદેશાઓ સાંભળવા છતાં યે આપસના કલેશો, ઇર્ષા, દ્વેષાગ્નિ કયાંક કયાંક સળગતા દેખાય છે. છતાંયે આપણે એટલું તો નિઃસંકોચભાવે સ્વીકારવું જ પડશે કે મૈત્રી, ક્ષમાપના અને વૈરત્યાગના સંદેશાના શ્રવણથી ઘણાએ સાચા સુખના અર્થી જીવોએ પોતાનું કલ્યાણ સાધ્યુ છે અને સાધી રહેલ છે.

ખરી રીતે તો વર્તમાન જૈન સંઘે આ દિવ્ય સંદેશનું અમૃતપાન કરી વિચાર, વાણી અને વર્તનનું ઐક્ય સ્થાપી પર્યુષણા મહાપર્વે પ્રબોધેલો શાન્તિનો મહાન સંદેશ અશાન્તિના દાવાનળમાં સળગતા પાશ્ચાત્ય દેશોના માનવીઓને સંભળાવવાની જરૂર છે. પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોને આ દિવ્ય સંદેશની અનુપમ અને અજેય શક્તિનું ભાન કરાવી માનવજાતિના કલ્યાણ માટે તૈયાર કરવાની જરૂર છે. તેમને એ સમજાવવું જોઈએ કે આપણી વૈજ્ઞાનિક શોધોથી યુરોપને સત્તાવાદનો શોખ વધી પડયો, ધન અને જમીન વધારવાનો શોખ લાગુ પડયો, શસ્ત્રો ઉત્પન્ન કરવાની શક્તિ વધી અને તેના પ્રતાપે માનવજાતિના મહાવિનાશનાં વિવિધ માર્ગો તમે શોધી કાઢી આ યુદ્ધોનાં નિમિત્ત તમે બન્યા. હવે આ ભયંકર હત્યાકાંડ, રક્તરંજીત માનવજાતિના સંહારની જે ભયંકર લીલા યુરોપના આંગણે ખેલાઇ રહી છે તેને માટે ભવિષ્યના ઇતિહાસકારી વર્તમાન વૈજ્ઞાનિકોના આવિષ્કારોને સુવર્ણાક્ષરે નહિ બલ્કે રક્તરંજીત અક્ષરોએ લખી એના દોષપાત્ર વૈજ્ઞાનિકોને ઠરાવશે, માટે હજીયે જાગૃત થઇ આ પાપનું પ્રાયશ્ચિત્ત કરવા ક્ષમા, વૈરત્યાગ અને મૈત્રીનાં દિવ્ય આંદોલનો જગતમાં ફેલાવી આ પૃથ્વી પર કેમ રહેવું એ માનવજાતિને શિખવાડો.

આજે જૈન સમાજને આ સુત્રના એકલા પાઠ બોલનાર જ નહિ કિન્તુ આ સૂત્રના ઉચ્ચારણ સાથે જીવનમાં ઉતારનાર વીરપુત્રની જરૂર છે. આજે દુનિયા ઉપર ઝઝુમી રહેલા ભયો તરફ દૃષ્ટિપાત કરી જૈન સંઘે સવેળા જાગૃત થઈ આપસના વિરોધો–વૈમનસ્યોને મીટાવી દઈ મૈત્રી અને ક્ષમાપનાનાં અમૃતપાનથી સાચા જૈન થવાની જરૂર છે.

યાદ રાખજો આવા વિકટ સમયે પણ આપણે જાગૃત ન થયા, આપસમાં સ્નેહ, પ્રેમ, સંગઠન અને મૈત્રી કરતાં ન શીખ્યા તો વિકટ આવતો કાળબળ આપણને તમાચો મારીને જબરજસ્તી પ્રેમ, સ્નેહ અને મૈત્રીથી રહેવાનું શીખવાડશે.

આપણે સાચા આરાધક થવું હોય, આપણને ભવભ્રમણનો ડર લાગતો હોય, આપણને સમ્યક્ત્વ પ્યારૂં હોય, શ્રી વીતરાગ દેવની વાણી પર પ્રેમ અને શ્રદ્ધા હોય તો પર્યુષણા પર્વનો આ દિવ્ય સંદેશ ઝીલી લઇ મૈત્રી અને ક્ષમાપનાને અપનાવશો.

આપસનાં વૈર–વિરોધોને દફનાવી દઇ શ્રી વીરના પુત્રો બધા એક છીએ–ભલે આપણામાં મતભેદો રહે, ભલે વિચારધારા એક ન મલે પરન્તુ આપણી મૈત્રી–ક્ષમાપના સાચા હૃદયની છે અને રહેવાની એની ઉદ્‌ઘોષણા કરજો.

અન્તમાં પર્યુષણા મહાપર્વનો આ માંગલ્યકારી દિવ્ય સંદેશ આ સંસારના સમસ્ત પ્રાણીઓ પાસે પહોંચે, અત્યારે ચાલતા ભીષણ નરસંહાર ને હત્યાકાંડ બંધ પડે, સંસાર શાન્તિના મહામંત્રોથી પૂનિત થઈ વિનાશી વિજ્ઞાનવાદના આવિષ્કારથી ઉત્પન્ન થયેલ અશાન્તિના, ઉદ્વેગના, કલહના ઝેરથી વિમુક્ત બની આત્મકલ્યાણના પંથે પડે એ જ શુભેચ્છા સાથે હૃદયમાં ભાવના ભાવીએ કે–

**સર્વ વિશ્વમાં શાન્તિ પ્રગટો, થાઓ સર્વેનું કલ્યાણ;**
**ક્ષમાપનના મહામંત્રથી, વિશ્વ વિષે હો મંગળમાળ.**

**ૐ શાન્તિ શાન્તિ શાન્તિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્વાધિરાજ પર્યુષણ પર્વ.

લે.–મુનિશ્રી હેમેંદ્રસાગરજી મહારાજ.

સુસ્વાગતમ્ સુસ્વાગતમ્–
મૈત્રીના, મનમેળના, મનઃશુદ્ધિના,
ઓ મહાન્ પર્વાધિરાજ ! સુસ્વાગતમ્.

× × ×

પ્રલયકાલના ભયંકર ઝંઝાવાત પછી,
ગર્જનાના ગડગડાટ વીંધીને,
ને વિદ્યુતના ચમકાર પછીથી–
કુંકુમવર્ણીય ઉષાનાં હાસ્ય કેવાં લાગે ?
એવાં જ લાગે અમ જગતજનોને,
પર્વાધિરાજ પર્યુષણનાં પગરણ.

मंत्राणां परमेष्ठिमंत्र महिमा तीर्थेषु शत्रुंजयो
दाने प्राणिदया गुणेषु विनयो ब्रह्मव्रतेषु व्रतम्।
सन्तोषो नियमे तपस्सु च शमस्तत्त्वेषु
सद्दर्शनं
सर्वज्ञोदित सर्वपर्वसु परं स्याद्वार्षिकं
पर्व च ॥ १॥

મહર્ષિ ભાખ્યા એ મંત્રો ને વાક્યો.
મંત્રોમાં મહાન પરમેષ્ઠિમંત્ર,
અને તીર્થમાં શત્રુંજય,
એમ પર્વોમાં મહાન પર્યુષણ.
પુષ્પરાજ વસંત પધારે ને–
ઉદ્યાને ઉદ્યાને પુષ્પો હસે,
વૃક્ષે વૃક્ષે કોકિલા ટહુકે,
આમ્રે આમ્રે મંજરીઓ ઝુલે,
સર્વત્ર પરિમલ–મહારાજ્ય પ્રસરે,
વાતાવરણ સ્વર્ગીય બને;
એમ પરમપવિત્ર પર્વાધિરાજ પધારે,
ને થનગને ભવિજન હૈયાં,
ઉલ્લસે અમ આત્મવનની કોકિલા,
ને ધીમે ધીમે વહે અમ જીવનનાં–
સદ્‌ગુણનાં પ્રેમ ઝરણાં.
સુસ્વાગતમ્, સુસ્વાગતમ્,

× × ×

ઉત્સવપ્રિય જગત ઉત્સવો ઇચ્છે,
દિનનો, બે દિનનો ઉત્સવ આનંદ આપે,
પણ જેનો તમારે તો અષ્ટ અષ્ટ–
દિનના પધારે છે મહોત્સવ,
પુણ્યદાયી પર્વાધિરાજ પર્યુષણ.
શાથી સત્કારશો ભવિજન !
પૂનિત ઉત્સવ કેમ ઉજવશો ?
અર્પણ કરો પ્રેમથી ઉરનાં ભાવપુષ્પો.
અર્થ–કામના માટેના હજારો ઉત્સવો–
માનવોએ ઉજવ્યા, ઉજવાયા,
પણ પર્યુષણ એટલે ?
નિર્વાણપંથ એ !
માનવસંસ્કારનો શ્રેષ્ઠ મહોત્સવ.
માનવો તે સંસ્કારો ગ્રહી,
ઉદ્દાત આદર્શભાવી બને,
સમસ્ત જગતને ધર્મની શ્રેષ્ઠતા,
સમજાવે અને સમજે.
ત્યાં જ વસી છે–
પર્વપતિ પર્યુષણની મહત્તા.
મનસા, વચસા, કર્મણા–
આત્મસ્વરૂપમાં સ્થિરતા થાય,
તો જ પર્યુષણપર્વની સફળતા.
દૂર દૂર ભૂમંડળને ઘેરતો પડ્યો છે,
કલ્લોલમાળથી ગર્જતો સમુદ્ર.
ઘેરું ઘેરું ગાન કરે છે; વિશાળ ભાવના–
સમસ્ત જગને શિખવે છે,
તેમજ પર્યુષણ એટલે ભવ્યાત્માઓ !
ઉચ્ચ ભાવનારૂપી ઊર્મિમાળથી–
નૃત્ય કરતો પ્રશમરૂપ વારિધિ.
મૈત્રી ભાવના–સમસ્ત જગ સાથેની–
મૈત્રી શીખવે.
પ્રમોદ ભાવના ગુણી જનના ગુણો,
અંતરથી વધાવતાં ઉપજતો દિવ્યાનંદ શીખવે.
કરુણ ભાવના શીખવે પ્રાણીમાત્ર પરની દયા,
માધ્યસ્થ ભાવના દાખવે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધર્મી ઉપર ઉપેક્ષા.
શીખો ને શીખવો.
એ સર્વ ઉચ્ચાદર્શી પુનિત ભાવનાઓ.
પર્યુષણ એટલે દિવ્યજનો !
વિશ્વભરનાં જીવાત્માઓને,
વિશ્વપ્રેમ શીખવવાની શ્રેષ્ઠ શાળા.
મિષ્ટ ભોજનના સ્વાદવૃત્ત-
જીહ્વાને લલચાવે-
તે મિષ્ટ ભોજનનું નિત્ય સેવન,
જીહ્વાને જ અરૂચિકર થાય તે ય જગતક્રમ.
પણ પ્રત્યેક વર્ષે પધારતો પર્વાધિરાજ,
પર્યુષણ અરુચિકર કેમ નહિ થતો હોય?
તેની રમ્યતા વૃદ્ધિ પામે છે.
નથી ક્ષીણ થતી;
શુક્લપક્ષના ઇન્દુ સમ ઉજ્જવલ,
પર્યુષણ મહોત્સવ.
"क्षणे क्षणे यन्नवतामुपैति
तदेवरूपं रमणीयतायाः"
એ મહાકવિની રસમય ઉક્તિ,
સફળ કરે છે, દૃઢ કરે છે,
ભ્રાતૃભાવ ને ઐક્યતા માટે, પર્વ રચાયાં.
ક્રોધ ભય ને વિદ્વેષ પ્રજ્વલિત રાખવા રચાયાં,
કોઇ રચાયાં જીવન ઊર્ધ્વપંથી બનાવવાને,
ને કો' પર્વને નામે ષડ્યંત્ર રચવા યોજાયાં.
પણ ભવિજનો ! આદર્શ રત્નો !
પર્યુષણ તો છે આત્મોન્નતિ અર્થે,
કર્મબંધનો તૂટે, પરમાનંદ પ્રાપ્ત થાય,
સ્વાધ્યાય, સંયમ, તપ, બ્રહ્મચર્યપાલન-
તીર્થંકર જીવન આદર્શ વિચાર,
સમભાવ કેળવણી સર્વ છે,
દિવ્ય સાધનો પર્યુષણ મહોત્સવનાં.
બ્રહ્મચર્યે દિવ્ય ઓજસ્,
સંયમે ઇન્દ્રિયનિગ્રહ,
તપમાં વસી છે મોહક્ષીણતા.
સ્વાધ્યાયે છે આત્મશુદ્ધિવિચાર.
સર્વે મહત્તાઓ વસી છે,
તીર્થંકરોના પુણ્યમય આદર્શ જીવનમાં.
તીર્થંકરોના એ પુનિત જીવન, ક્રમમંત્ર;
શબ્દે શબ્દે વહે છે કલ્પસૂત્ર ધર્મગ્રંથે;
કલ્પસૂત્રરૂપ કલ્પવૃક્ષ પ્રાપ્ત થયું,
મહાવીર ચરિત્ર તેનું બીજ.
પાર્શ્વનાથ ચરિત્ર મૃદુલ અંકુર,
નેમિનાથ ચરિત્ર દૃઢ સ્કંધ;
ઋષભ ચરિત્ર દીર્ઘ શાખાઓ.
સ્થાવરાવલી રમ્ય પુષ્પો;
સમાચારી નાસિકાપ્રિય મધુર સુવાસ;
નિર્વાણ એ દિવ્ય મધુરતમ ફલ.
નિર્વાણપંથીઓ એ વૃક્ષની,
શીતળ છાયા અવશ્ય સેવે.
"શ્રી કલ્પસૂત્ર સમ શીતલ વૃક્ષછાંયે,
ઇચ્છા બધી ભવિજનો પરિપૂર્ણ થાયે;
જના ફળો પરમમિષ્ટ ગુણી જ પામે,
પામે જનો અમરતા દુઃખ સૌ વિરામે."
કલ્પસૂત્ર શ્રવણ અધિકાર તો,
કેવલ સાધુઓ ને સાધ્વીને જ,
એ હતી પ્રચલિત પ્રથા પ્રાચીન સમયે
દિન વહ્યા, સમયનું વહેણ બદલાયું,
જૂનવાણી અમર તો ન જ રહે.
ચારિત્ર ને જ્ઞાનમાં પ્રૌઢ કો' સૂરિપુરંદરે,
પ્રારંભ કર્યો સર્વને શ્રવણ કરાવવા;
રાજા ધ્રુવસેનનો પુત્રશોક શમાવવા નિમિત્ત-
કલ્પસૂત્ર શ્રવણ અધિકાર સર્વમાન્ય ઠર્યા.
અન્ય જનોએ પણ એ મહાનુભાવ-
સૂરીશ્વરના દિવ્ય કાર્યમાં સાથ દીધા.
સદ્ધર્મ પ્રવૃત્ત કરતા પુરુષોના,
સ્થળ નામો કાળયોગે વિસારે પડે,
તેમના પછી વર્ષો વ્યતીત થાય,
પણ સર્વ કોઇ ન ભૂલે કે-
સાધુ જનનાં દિવ્ય કર્તવ્યો તો,
ચિરાયુ અમર જ છે.
પર્યુષણ એટલે શ્રવણ રસિકો !
કલ્પસૂત્ર શ્રવણ મહોત્સવ.
આત્મા તેના શ્રવણે આહ્લાદ પામે,
કષાય દૂર થાય,
આત્મશુદ્ધિ સહજ પ્રાપ્ત થાય.
પર્યુષણ એટલે તો-
આત્મશુદ્ધિની સૂર્યસમ પ્રખર પ્રતિજ્ઞા.
શરદ અને વર્ષાના મધ્ય ભાગ,
એટલે જઠરનો મહાશત્રુ;
જઠરાગ્નિ મંદ પડે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચાર—શ્રેણી.

લેખક—આચાર્ય વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

પ્રભુની પવિત્ર છાયામાં રહીને આપણે પવિત્ર બનવું છે માટે પ્રભુની છાયા છોડીને બીજે જવું નહીં. એટલે અપ્રભુ અપવિત્ર આત્માઓના પડછાયામાં પણ ઊભા રહેવું નહીં, તો જ આપણે પ્રભુને ગમીશું અને પવિત્ર બનીને પ્રભુની સાથે હમેશને માટે રહી શકીશું

આપણા શાશ્વતા સાથી તો પ્રભુ જ રહેવાના, બાકી સંસારનો સાથ તો સઘળો યે છૂટી જવાનો છે અને એટલા માટે જ આપણે સંસારના જીવો કરતાં પ્રભુને વધારે ચાહીએ છીએ, પૂજીએ છીએ, નમીએ છીએ, સ્તુતિ કરીએ છીએ આશ્રય લઇએ છીએ; માટે પ્રભુને શું ગમે છે તે તરફ વધારે ધ્યાન આપવું.

કષાયોથી જીવન અભડાવવું—મેલું કરવું નહીં અને વિષયોથી કાયા અભડાવવી—મેલી કરવી નહીં. આ વાત પ્રભુને બહુ જ ગમે છે અને આવી રીતે વર્તનારની તપ, જપ, પૂજા, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ આદિથી અનેક પ્રકારે કરેલી સેવાને પ્રભુ સ્વીકારે છે.

સંસારી, અલ્પજ્ઞ—અજ્ઞાની જીવોને ભલે ન ગમે તો કાંઇ પણ પરવા રાખવી નહીં, પણ પ્રભુને તો આપણા આચારવિચાર અને ઉચ્ચાર ગમવા જ જોઇએ, કારણ કે અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત જીવન, અનંત આનંદ અને અનંત સુખ પ્રભુ પાસેથી લેવાનાં છે. આ વસ્તુઓ પ્રભુ સિવાય અલ્પજ્ઞ—અજ્ઞાનીઓ આપી શકતા નથી.

પ્રભુ સિવાય સંસારી જીવોમાંથી કોઇને પણ પોતાનું માની સાથ કરવો નહીં અને જો સાથ કરવાની ઇચ્છા થાય અને જીવનનો સાથી બનાવવો હોય તો જે પ્રભુને ગમતો હોય તેનો સાથ કરવો, કે જેથી કરીને અપવિત્ર જીવન બનાવી પ્રભુની પ્રીતિ તોડીને પ્રભુના વિરોધી બનવાનો પ્રસંગ ન આવે.

આત્મવિકાસ તથા આત્મશુદ્ધિ કરવા ઉચ્ચતર ભાવોની તેમજ ઉચ્ચતર, પવિત્ર જીવન બનાવવાની અત્યંત આવશ્યકતા છે.

કોઇ પણ કારણને લઇને બાહ્ય ક્રિયા ઓછા પ્રમાણમાં થાય તો આત્મશુદ્ધિ વિકાસમાં કોઇ પણ પ્રકારની અડચણ આવતી નથી પણ જીવન અને ભાવના તો ઉચ્ચતર અને પવિત્ર હોવાં જ જોઇએ.

---

પાચનશક્તિ ક્ષીણ થાય,
એવા સમયે વિજ્ઞાનવિલાસી યુવકો !
ઉપવાસ એ શ્રેષ્ઠ તપ છે.
વૈદ્યકીય દૃષ્ટિએ ને ધાર્મિક નજરે,
બાહ્ય તપ પણ દિવ્ય સહાયક છે.
ઉપવાસ એટલે બાહ્ય તપ.
અધ્યાત્મપ્રેમી જ્ઞાનીજનો !
વિનય, સ્વાધ્યાય, સેવા ને-
ધ્યાન સમાધિ આલોચના એ અભ્યંતર તપ.
એ તપમાં ચિત્તની નિર્મળતા છે.
કર્મોને તપાવે તે જ તપ,
શરીર મન અને ઇન્દ્રિયોને,
તપાવે તે નથી જ તપ.
તપ એ છે અમોઘ શસ્ત્ર,
નિકાચિત કર્મોને બાળી ભસ્મ કરે છે.

—( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુભ કર્મની ખામીને લઇને માનવીઓનાં **અમૂલ્ય અને પવિત્ર માનવજીવન મેલાં થવાનો** પ્રસંગ બને છે અને અશુભ કર્મની પ્રેરણાથી અપવિત્ર આત્માઓના સંસર્ગમાં જોડાઇને મેલાં-અપવિત્ર બનાવી નાંખે પણ છે; તો પણ તેમણે હતાશ કે નિરાશ થવાની જરૂરત નથી અને વધારે ને વધારે જીવનને અપવિત્ર-મેલું બનાવી આત્મવિકાસ માટે નિરુપયોગી બનાવવાની, તેમજ આત્માને અનંતા જન્મ, જરા, મરણના અનંતા દુઃખના અંધકારમાં હડસેલી મૂકીને આત્મશત્રુ બનવાની લેશમાત્ર આવશ્યકતા નથી.

માનવજીવન મોંઘું છે, ઘણું જ મોંઘું છે, માનવી સિવાયના સંસારના સમગ્ર જીવોના જીવનની કિંમત કરતાં માનવ-જીવનની કિંમત અનંતગણી વધારે છે. અને એટલા માટે જ માનવજીવનમાં જીવનારા જીવોની સંખ્યા સંસારી બીજા જીવો કરતાં ઘણી જ ઓછી છે માટે જ માનવજીવનની પવિત્રતા જાળવી રાખવા અથવા તો કોઇક પ્રસંગે અજ્ઞાનતાથી અપવિત્ર બનેલાને વધારે અપવિત્ર થતું અટકાવીને પાછું પવિત્ર બનાવવાની અત્યંત આવશ્યકતા છે.

આત્મવિકાસ તથા આત્મશુધ્ધિનું અદ્વિતીય સાધનભૂત માનવજીવન, મલિન ભાવના તથા મલિન વ્યક્તિના સંસર્ગથી મેલું થઇ ગયું હોય તો તેને વધારે મલિન ન બનાવતાં શુદ્ધ પરિણામ તથા શુધ્ધ વર્તનથી સ્વચ્છ બનાવીને દુર્લભ માનવજીવનની કિંમત આંકનાર ડાહ્યા માણસો આત્મશુધ્ધિ-વિકાસને સાધી લે છે.

શુદ્ધ ભાવોથી મલિનતા દૂર થાય છે, અને શુધ્ધ વર્તનથી આત્મા વધારે મલિન થતો અટકે છે.

મેલી ભીંત ઉપર કાઢેલાં ઘણાં સુંદર ચિત્રો જોનારના મનનું સારી રીતે આકર્ષણ કરે ખરાં પણ જલદી ભુંસાઇ જવાથી અને અંતરમાં મલિન પડ હોવાથી ભીંતને સુંદર બનાવી શકતાં નથી; પણ સ્વચ્છ ભીંત ઉપર કાઢેલું ચિત્ર ભીંતના સૌંદર્યને પ્રગટ કરે છે. તેવી જ રીતે મલિન જીવનવાળાનાં જ્ઞાન, ધ્યાન, જપ, તપ, બીજાના મનનું આકર્ષણ કરે ખરાં; પણ આત્મવિકાસ કે આત્મશુધ્ધિ ન કરી શકે. અને પવિત્ર જીવન-વાળાનાં જ્ઞાનાદિક આત્માને વિકાસમાં લાવી શકે છે.

માનવીના જીવનનો મોટો ભાગ બુધ્ધિની ઓછાસને લઇને કુસંસર્ગથી દુષ્કૃત્યોમાં વપરાઇ ગયો હોય તો નિરાશ ન થતાં શેષ જીવનને કુસંસર્ગ અને દુષ્કૃત્યોથી બચાવીને સત્કૃત્યોદ્વારા આત્મવિકાસ કરવા વાપરે તો, ખોઇ નાંખેલા માનવજીવનનું ફળ મેળવી શકે છે. અને સઘળાએ સંતાપો, દુઃખો, ઉદ્વેગોને શમાવી દઇને આત્મશુધ્ધિદ્વારા પરમ શાંતિ મેળવી શકે છે તેમજ માનવજીવન સફળ બનાવી શકે છે.

જ્યાં સુધી શરીરના અવયવો કામ આપી શકતા હોય ત્યાં સુધી તે જ અવયવોનું કામ બીજાના અવયવોથી કરાવીને પોતાના હાથ, પગ આદિ અવયવોને શા માટે નિર્બળ બનાવી નિરૂપયોગી બનાવવા જોઇએ ?

જીવવાના હેતુઓ જાળવવા વધારે કાળજી રાખવી.

જીવનમાં શાંતિ, સંતોષ, સમભાવ, સ્થિરતા અને શુધ્ધિ વધે તેવો વ્યવસાય કરવો.

સાચા લાભનું અર્થીપણું રાખવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણા-

## આત્મસિદ્ધિનું મહાપર્વ.

ડા. ભગવાનદાસ મન:સુખભાઈ મહેતા.

**"ભવ્ય ! કરો નિજ આત્મમાં,**
**સર્વ પ્રકારે વાસ;**
**પર્વ શ્રેષ્ઠ પર્યુષણા,**
**એમ કરંત પ્રકાશ."**

**-મનોનંદન.**

'પર્યુષણ' એટલે શું? પરિ=સર્વ બાજુથી, સર્વથા, સર્વ પ્રકારે (From all sides, all round.) વસ્=નિવાસ કરવો, વસવું. સર્વ પ્રકારે આત્મભાવમાં (એટલે કે ધર્મમાં) નિવાસ કરવો તેનુ નામ પર્યુષણ. અત્ર આત્મભાવ એ જ પ્રસ્તુત છે, કારણ કે આત્મોદ્ધાર એ જ ધર્મનું પરમ સાધ્ય છે, મોક્ષમાર્ગનું ઉદ્દિષ્ટ લક્ષ્ય છે.

જેટલા અંશે આત્મભાવમાં-ધર્મમાં નિવાસ કરવાનું બને તેટલા અંશે પર્યુષણ પર્વના આરાધનની સફળતા, સાર્થકતા અને ઉપકારિતા તેટલા અંશે આત્મસિદ્ધિનો મહાલાભ.

અનાદિ કાળના દુરભ્યાસથી આ આત્મા પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગયો છે, અને તેથી કરીને અનંત ભવચક્રના પરિભ્રમણમાં અરઘટ્ટ-ઘટ્ટીન્યાયે, તે દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકીનાં રૂપો પરાવર્ત્તન કરતાં, તે તે ભવમાં તે તે પર્યાયરૂપ જ પોતે છે એમ માની બેઠો છે, અને પોતાના મૂળ દ્રવ્ય સ્વરૂપને વિસરી ગયો છે. નારકીના ભવમાં પોતે નારકી છે એમ તે માને છે, તિર્યંચના ભવમાં તિર્યંચ માને છે, મનુષ્યપર્યાયમાં મનુષ્ય માને છે, અને દેવ પર્યાયમાં દેવ માને છે; પણ હું તો શુદ્ધ ચૈતન્યઘન આત્મા છું એવું આત્મભાન તેને હોતું નથી. આજ જીવની મૂલગત ભૂલના પરિણામે ઇતર આનુષંગિક ભ્રમણાઓ નિષ્પન્ન થાય છે.

પરમ જ્ઞાનીઓનો ઉપદેશ અને ઉદ્દેશ જીવને તે ભૂલ-ભ્રમણામાંથી નિવૃત્ત કરાવવાનો હોય છે, પાછો વાળવાનો હોય છે, 'પ્રતિક્રમણ' કરાવવાનો હોય છે. 'પ્રતિક્રમણ' શબ્દ પણ એ જ રહસ્યાર્થ સૂચવે છે. પ્રતિ=પાછું, ક્રમ્=જવું. પાછું જવું. પોતાના મૂળ સ્થાને પાછું જવું (To return to the fountain Source) તે પ્રતિક્રમણ. પ્રમાદવશે કરીને જીવ જે પોતાના સ્થાનથી પરિભ્રષ્ટ થઇ, ચ્યુત થઇ પરસ્થાને ગયો છે તેનું પોતાના મૂળ સ્થાને પ્રગતિગમન તેનું નામ **પ્રતિક્રમણ.**

**"स्वस्थानात्यत् परस्थानं प्रमादस्य वशाद्गतः ।**
**तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते ॥ "**

આમ પ્રતિક્રમણ શબ્દનો રાહસ્યિક પરમાર્થ ઘટાવી શકાય છે. તે નામની સૂત્રબદ્ધ ક્રિયા પણ જીવને પુનઃ પુનઃ તે જ વસ્તુનું સંસ્મરણ કરાવે છે.

આમ મૂલગત આત્મભ્રાંતિરૂપ મહારોગનું નિવારણ કરી, ભાવવૈદ્યરૂપ જ્ઞાની પુરુષો જીવને નિજ સ્વરૂપનું ભાન કરાવી ધર્મમાર્ગમાં સ્થાપન કરાવે છે.

અને આ '**ધર્મ**' પણ મુખ્યતાએ શું છે? '**वत्थुसहावो धम्मो**' **વસ્તુનો સ્વભાવ તે ધર્મ.** એ આર્ષવચન ધર્મ શબ્દનું રહસ્ય પ્રકાશે છે. આ વ્યાખ્યા આત્મવસ્તુ પર ઘટાવતાં, આત્માનો સ્વભાવ તે આત્મધર્મ; એટલે કે **આત્માનું સ્વ-સ્વભાવમાં વર્ત્તવું તે ધર્મ.** વ્યતિરેકથી આત્માનું સ્વસ્વભાવમાં ન વર્ત્તવું તે અથવા તો વિભાવમાં વર્ત્તવું તે અધર્મ. આ સૂત્ર એટલું બધું અર્થગંભીર અને સર્વગ્રાહી છે કે ધર્મ શું અને અધર્મ શું? તેની પરીક્ષા કરવા માટે તે નિકષસ્થાનરૂપ-કસોટીરૂપ થઇ પડે એવું છે. ટૂંકામાં કહીએ તો જે જે પ્રકારે જીવ નિજ સ્વભાવની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સન્મુખ થાય, નિકટ આવે તે **ધર્મ**; અને જે જે પ્રકારે તે સ્વસ્વભાવથી દૂર જાય, વિમુખ થાય તે **અધર્મ**. તે આત્મસ્વભાવને અનુલક્ષીને, તેના સાધનભૂત જે જે વિધાનો, જે જે ક્રિયાઓ, જે જે માર્ગદર્શનો પરમોપકારી જ્ઞાનીઓએ પ્રદર્શિત કર્યા છે તે સમસ્ત પણ કારણમાં કાર્યના ઉપચારથી 'ધર્મ' છે. આમ નિશ્ચય-વ્યવહારનો યથાસ્થાન સમુચિત વિનિયોગ કરવો, સમન્વય સાધવો તે ધર્મનું પરમ રહસ્ય. છે. મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્ **રાજચંદ્રજી**એ પ્રકાશ્યું છે કેઃ—

**" નિશ્ચય વાણી સાંભળી,**
**સાધન તજવાં નો'ય;**
**નિશ્ચય રાખી લક્ષમાં,**
**સાધન કરવાં સોય. "**
**— આત્મસિદ્ધિ**

આવો ધર્મ તો સર્વદા કરવાનો હોય, આચરવાનો હોય, જીવનમાં એક સૂત્ર કરી વણી દેવાનો હોય; પરંતુ તેના વિશેષ દઢીકરણ અર્થે, અધિક આરાધન અર્થે, જ્ઞાનીઓએ તિથિવિશેષો, પર્વવિશેષો પ્રતિનિયત કર્યા છે; તે તે પર્વવાસરોએ જીવ સ્થિર થઈ, ખાસ નિવૃત્તિ મેળવી, આત્મભાવના અભ્યાસી શકે, સાચા આત્મધર્મની આરાધના કરી શકે, એવી સુંદર કલ્યાણકર યોજના કરી છે. પર્યુષણ પર્વ તેવી સુયોજનામાંની એક સુંદરતમ યોજના છે. વિશ્વના પર્વદિનોમાં સર્વોત્તમ આદર્શરૂપ છે, કર્મકાષ્ઠને પ્રજ્વલિત કરવાનો મહાભાવયજ્ઞ છે, આત્મશુદ્ધિનું મહાતીર્થ છે અને આત્મસિદ્ધિનું મહાપર્વ છે.

આવા મહાપર્વમાં જે જે ધર્મક્રિયા આદિ કરવામાં આવે તે શાંતિથી, આત્મશુદ્ધિના લક્ષ્ય સાથે, સમજણપૂર્વક કરવામાં આવે, ઊંડા ઊતરી અવગાહવામાં આવે, તો પરમ આહ્લાદના કારણરૂપ થઇ પડે એવી છે. આ આધ્યાત્મિક દૃષ્ટિ જો લક્ષમાં હોય તો કોઈ પણ વિખવાદને સ્થાન રહી શકે જ નહિં, ઘણા પ્રશ્નોનું સ્વયં સમાધાન થઇ જાય. અને આ અધ્યાત્મદૃષ્ટિ વિનાની સર્વ ક્રિયા વાસ્તવિક રીતે છાર પર લિંપણા જેવી છે. આ અંગે મહાત્મા **આનંદઘનજી**ના વચનો મનન કરવા યોગ્ય છે.

**" નિજ સ્વરૂપ જે કિરિયા સાધે,**
**તો તેહશું રઢ મંડા રે. "**
**—આનંદઘનજી.**

**" શુદ્ધ ભાવ ને સૂની કિરિયા,**
**બેહુમાં અંતર કેતોજી ?**
**જલહલતો સૂરજ ને ખજુઓ,**
**તાસ તેજમાં તેતોજી. "**
**શ્રી યશોવિજયજીકૃત યોગદૃષ્ટિ સજઝાય.**

અધ્યાત્મદૃષ્ટિની મહત્તા શ્રીમાન્ **યશોવિજયજી**એ પણ આ શબ્દોમાં ગાઇ બતાવી છેઃ—

**वेदान्यशास्त्रवित् क्लेशं रसमध्यात्मशास्त्रवित्।**
**भाग्यभृद्भोगमाप्नोति, वहते चन्दनं खरः ॥**
**धनिनां पुत्रदारादि यथा संसारवृद्धये ।**
**तथा पांडित्यदृप्तानां शास्त्रमध्यात्मवर्जितम् ॥ "**
—શ્રી **અધ્યાત્મસાર.**

**અર્થાત્**—" અન્ય શાસ્ત્રોના જાણનાર તો કલેશ જ અનુભવે છે, અને અધ્યાત્મશાસ્ત્રના જાણનાર રસ અનુભવે છે; ચંદનનો ભાર ગધેડો વહે છે પણ તેની સુગંધીનો ઉપભોગ ભાગ્યશાળી પામે છે. જેમ ધનવાનોને પુત્ર સ્ત્રી આદિ સંસારવૃદ્ધિ અર્થે થાય છે, તેમ પંડિતાઇના ઘમંડીને અધ્યાત્મ વિનાનું શાસ્ત્ર સંસારવૃદ્ધિ અર્થે થાય છે."

**" पुत्रदारादि संसारः पुंसां संमूढचेतसाम् ।**
**विदुषां शास्त्रसंसारः सद्योगरहितात्मनाम् ॥ "**
**શ્રી. હરિભદ્રસૂરિકૃત યોગબિંદુ.**

આ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુને દૃષ્ટિ સન્મુખ રાખી જો આપણે આવશ્યકાદિ ક્રિયાનું અંતરંગ રહસ્ય તપાસીએ, જરા ઊંડા ઊતરી તેના હાર્દની સમીક્ષા કરીએ, તો મહાત્મા જ્ઞાનીઓએ યોજેલી તે તે ક્રિયાઓ આત્માને પોતાના સ્વરૂપનો લક્ષ દઢીભૂત કરાવે એવી છે, એમ આપણને સુપ્રતીત થાય છે. તેનું ઉદાહરણરૂપે અત્ર સંક્ષેપ દિગ્દર્શન કરીએ. —( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રેમથી મુક્તિ.

લેખક : : **ચોકસી**

**આ** મથાળું વાંચી હરકોઇને પ્રથમ તો આશ્ચર્ય ઉદ્ભવે જ. જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્તોનું જેને જ્ઞાન હોય તે તરત જ કહી દે કે પ્રેમ એ રાગનું બીજું નામ હોવાથી, અને રાગ એ મોહરાયનો પાટવીકુંવર હોવાથી જ્યાં એનું અસ્તિત્વ હોય ત્યાં મુક્તિનો સંભવ ખકુસુમવત્ અસંભવિત છે; કારણ કે કષાયનો સર્વથા અભાવ એનું નામ જ મુક્તિ એ જ્ઞાનીપુરુષોનું ટંકશાળી વચન છે; અહીં તો મોહરાય એના પુત્રો રાગ અને દ્વેષ તથા એના પરિવારમાં ક્રોધ, માન, માયા અને લોભ સર્વ આવી જાય ત્યાં મુક્તિની વાતનો સંભવ સરખો પણ ન ગણાય, એથી ઊલટું 'બંધન' તો જરૂર હોય અને સ્નેહનું પ્રાબલ્ય વૃદ્ધિ પામે તો એમાં તીવ્રતમતા લાભે.

આ તો જાણે સીધી નજરે જોતાં જે ભાવ નીકળ્યો તે રીતની વાત થઇ; પણ અનુભવીઓની દૃષ્ટિમાં એ ઉપરાંત 'અપેક્ષા' જેવી શબ્દત્રિપુટી ઘણી વાર રમણ કરતી હોય છે. એ અપૂર્વ યોજના સદ્ભાવથી એ મહાપુરુષો કોઇ વિચક્ષણ રહસ્ય રજૂ કરે છે. જ્યાં સામાન્ય માણસની બુદ્ધિ કુંઠિત થઇ જાય છે ત્યાં અપેક્ષાનો સધિયારો લઇ કામ કરનાર આગળ આવે છે એટલું જ નહિં પણ એવી રીતે વસ્તુ-સ્વરૂપ સમજાવે છે કે એને અવધારતાં મુશ્કેલીનું નામ નથી રહેતું, એમાં શંકા કરવાપણું સંભવતું જ નથી. પણ અપેક્ષા લાગુ પાડવામાં આવડત અને અભ્યાસ બન્ને જરૂરી છે એ ભૂલવું જોઇતું નથી જ. 'આત્માનંદ પ્રકાશ' આ અંકથી નવિન વર્ષનો આરંભ કરે છે અને એ નવિનતાને અનુરૂપ થવામાં યોગીરાજ શ્રીઆનંદઘનજીએ અધ્યાત્મવિષયનું પાન કરાવનાર ચોવીશીમાં જે સ્તવનો રચ્યા છે એમાં નવીન ભાત પાડનાર બાવીશમા તીર્થપતિ શ્રી અરિષ્ટ-નેમિના સ્તવનની વાત આપણે આજે કરવાની છે. એની રચના તદ્દન અનોખી પદ્ધતિએ કરાયેલી છે. અહીં મુમુક્ષુ આત્મા દૃષ્ટિગોચર થતો નથી. 'ઇલિકા ભ્રમરીધ્યાનાત્ ભ્રમરીત્વમ્ અશ્નુતે' એ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના ટંકશાળી વચન પ્રમાણે એકવીશમા જિનના સ્તવનમાં જ અધ્યાત્મના પંથે ડગ ભરતો મુમુક્ષુ આત્મા સાચે જ મુક્તિ સન્મુખ આવી જાય છે.

એને આગળ ડગ ભરવાની જરૂર જ રહેતી નથી. અહીં તો શ્રી લાભાનંદજી નવભવની ગાઢ પ્રીતડીથી બંધાયેલા આત્માઓની વાત કરે છે-જાણે કે અધ્યાત્મનું પાન કરાવતાં શ્રમિત થયા હોય તેમ ઘડીભર એ વાત વિસારી મેલી કેવલ સ્નેહ, પ્રીત અને પ્રેમના કર્ણપ્રિય સ્વરો કર્ણરંધ્રમાં ગુંજાયમાન કરી મેલે છે. ખરેખર આ પદ્ધતિ અનોખી છે. ચાલુ ક્રમથી વિલક્ષણ પણ છે અને આમ જનસમૂહની નજરે આશ્ચર્ય પમાડે તેવી પણ છે.

ચોવીશ જિનમાંનાં એની વાત વિશિષ્ટતા ધારણ કરનારી છે. ઉભયમાં પ્રસંગની કંઇક ભિન્નતા હોવા છતાં કેટલીક બાબતોમાં સામ્યતા વધુ છે. એમાં પણ પ્રેમની વાત તો મુખ્ય ભાગ ભજવે છે.

**'મલ્લિ નેમ પરણ્યા નહીં, બીજા ઘરબારી'**

એ કડી પરથી સહજ સમજાય તેમ છે કે ચાલુ અવસર્પિણી કાળમાં જે ચોવીશ તીર્થંકરોએ આ ભારતવર્ષને પાવન કર્યું એમાં અખંડ બ્રહ્મચર્યવ્રત ધારણ કરી, ચારિત્રનો પંથ સ્વીકાર્યો હોય તો તે શ્રી મલ્લિનાથ અને શ્રી અરિષ્ટનેમિ એ બે જ છે. આ રીતે તેઓ નથી.તો પરણ્યા કે નથી તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૃહસ્થજીવનમાં પડ્યા, છતાં ઉભયને પ્રેમના પ્રસંગ તો જરૂર સાંપડ્યા છે. શુદ્ધ પ્રેમીઓને શોભે તેવો એનો વર્તાવ છે.

શ્રી મલ્લિનાથ કુંવરીરૂપે જન્મેલા હોવાથી પૂર્વભવના સ્નેહી એવા જુદા જુદા દેશના છ રાજકુમારોનો તેમના પર પ્રેમ થયો. તેઓ પરણવાના મિષથી મિથિલાનગરી પર કટક લઇ ચઢી પણ આવ્યા, જય પ્રાપ્ત કરી, મલ્લિકુંવરીને પરણી જવા સારું પરસ્પર શસ્ત્રના ખણખણાટ પણ શરૂ કરી દીધા. અવધિજ્ઞાનના બળથી એ પાછળનું સ્વરૂપ જાણી લઇ, શ્રી મલ્લિકુંવરીએ સુવર્ણપુતળીના દૃષ્ટાંતથી એ છએને બોધ પમાડયો અને સંયમમાર્ગના પથિક બનાવ્યા. શ્રી મલ્લિજિનનું-સ્ત્રીપણે તીર્થંકર થવું એ અચ્છેરારૂપ મનાય છે છતાં ખૂબી તો એ છે કે બીજા ત્રેવીશને કૈવલ્યપ્રાપ્તિ પૂર્વે કંઇ ને કંઇ ઉપસર્ગ સહન કરવા પડે છે, અરે! થોડા દિન છદ્મસ્થમાં ગયા વિના કેવલજ્ઞાન થતું નથી જ્યારે શ્રી મલ્લિકુંવરીને દીક્ષા સ્વીકારી તે જ દિને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જેમ ઉપરના દાખલામાં પૂર્વભવના સ્નેહી મિત્રો પ્રેમ કરતાં દોડી આવે છે તેમ શ્રી અરિષ્ટનેમિના પ્રસંગમાં ખુદ તીર્થપતિ પોતે વરઘોડે ચઢીને રાજેમતીને પરણવા જાય છે. ઉભય વચ્ચે સ્નેહનું સૂત્ર ગંઠાયાને માત્ર અમુક વર્ષોના વહાણા વાયા છે એમ નથી પણ એ પાછળ તો લાગટ આઠ ભવનો શૃંખલાબદ્ધ ઇતિહાસ સંકળાએલો છે. આગળના ઉદાહરણમાં તો શ્રી મલ્લિકુંવરી પોતે પરણવા ઇચ્છતા જ નથી જ્યારે અહીં રાજુલને તો લગ્નની પૂરી હોંશ છે; અને શ્રી નેમનાથ ચાલીચલાવી પરણવા આવ્યા પણ છે. એવામાં હરણીયાનું આક્રંદ સંભળાય છે અને ભગવાન રથ પાછો ફેરવાવે છે. આ બનાવ પર કવિઓએ કેવા કેવા કલ્પનાચિત્રો આલેખ્યા છે એ આપણે પ્રતિવર્ષ શ્રીકલ્પસૂત્રમાં શ્રવણ કરીએ છીએ. એમાં મૃગદંપતી, રાજુલ ને સખીયુગલ, તેમ પ્રભુ અને તેમના માતા-પિતાની સમજાવટના પ્રસંગો ઠીક ઠીક જગ્યા રોકે છે અને જાતજાતના રસની જમાવટ કરે છે. એ બધાના વિસ્તૃત વર્ણનમાં ઉતરવાનો આ પ્રસંગ ન લેખાય એટલે 'અલં અતિવિસ્તરેણ' એ વાકયનું અવલંબન લઈ મૂળ વાત પર આવીએ. જ્ઞાનીની દૃષ્ટિ શ્રી નેમનાથના જવામાં અને પાછા ફરવામાં જે આશય નિહાળે છે તે પર દૃષ્ટિપાત કરીએ. તે કહે છે કે ત્રણજ્ઞાની અરિહંત પરણવાના તો હતા જ નહી પણ માત્ર એ મિષથી જેની સહ આઠ ભવનો સંબંધ છે એવી રાજુલને ઇસારો કરવા ગયા હતા કે આ નવમા ભવમાં આપણે પ્રેમ તો બાંધવો છે પણ તદ્દન નિરાળી રીતે, માટે હું જે માર્ગ લઉં અને જ્યાં જઉં ત્યાં તું પણ આવી પહોંચવા કૃતનિશ્ચય બનજે. સાચા પ્રેમી તરીકે ફરજ બજાવવા ગયા હતા અને એ ફરજ બજાવતાં જે ચિત્ર ખડું થાય છે તે શ્રીઆનંદઘનજીના શબ્દોમાં આગળ પર જોઇશું.

( ચાલુ )

For Private And Personal Use Only

સંગ્રાહક:—પંન્યાસ શ્રી સમુદ્રવિજયજી મહારાજ

# ઉપદેશક પુષ્પો.

**હાલમાં** શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળાના ૭૮મા મણકા તરિકે ગુર્જર ભાષામાં ભગવાન શ્રી વાસુપૂજ્યસ્વામીજીનું ચરિત્ર સુંદર ચિત્તાકર્ષક શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર તરફથી બહાર પડયું છે. ઉક્ત ચરિત્રની એક કોપી ખાનગાડોગરા(પંજાબ)માં મને મળી. એની સફાઇદાર સચિત્ર પાકી બાઇન્ડીંગ મનને લલચાવે એવી છે. અને ઉઘાડતાં જ જગપ્રસિદ્ધ ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી(આત્મારામજી) મહારાજની રંગીન તસ્વીરના દર્શન થયા, પછી દયાવારિધિ શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી.નો ફોટો જોયો અને એઓના સત્કાર્યોની અનુમોદના કરી. ભગવાન શ્રી વાસુપૂજ્ય-સ્વામીજીની સૌમ્ય પ્રતિકૃતિ(છબી)ના દર્શન કરી દર્શનને નિર્મળ કર્યો. પૂજ્યપાદ આચાર્ય-વર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી મહારાજે પણ એ સૌમ્ય પ્રતિકૃતિના દર્શન કરી પ્રસન્નતા પ્રગટ કરી. ભગવાન શ્રી વાસુપૂજ્યસ્વામીજીની બીજી બે પ્રતિકૃતિઓ અને ચંપાપુરીના પ્રાચીન અને અર્વાચીન બે દહેરાસરોની છબીઓ પણ આત્માને આનંદ આપે છે. એની છપાઇ, લખાઇ, કાગળ વિગેરે પણ સમયાનુસાર સુંદર છે. રા. રા. વલ્લભદાસભાઇની પ્રસ્તાવના તેમજ ગ્રંથપરિચય અને રા. રા. સુશીલની ભૂમિકા પણ વાંચવા લાયક છે.

ઉક્ત ચરિત્ર વિદ્વાન જૈનાચાર્ય શ્રી વર્ધમાનસૂરિજી મહારાજે ૧૨૯૯માં દંડનાયક આહ્લાદની પ્રાર્થનાર્થી સંસ્કૃત શ્લોકબદ્ધ ચાર સર્ગ અને પચીસ પ્રકરણમાં બોધપ્રદ સરસ રચના કરી, ભવ્ય જીવો ઉપર મહાન્ ઉપકાર કરેલ છે. જેમાં ભગવાન શ્રી વાસુ-પૂજ્યસ્વામીજીના ત્રણે ભવનું અને ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળ અને મોક્ષ એ પાંચે કલ્યાણકોનું તેમજ પુણ્ય પર પુણ્યાઢ્ય, રાત્રિભોજન ત્યાગ, બાર વ્રત, રોહિણી આદિની રસપ્રદ, આહ્લાદક, સુંદર સુંદર કથાઓ આપી ગ્રંથ(ચરિત્ર)ને ગ્રંથ(ચરિત્ર)કર્ત્તાએ ઘણો જ રોચક બનાવ્યો છે.

ગુર્જર ભાષાન્તરકર્ત્તાએ પણ આધુનિક ઢબથી ભાષાન્તર કરી રોચકતામાં વધારો કર્યો છે, યાને સોનામાં સુગંધ. પુસ્તક હાથમાં લેતાં જ વાંચવાને મન લલચાય છે અને સાદ્યંત વાંચ્યા વિના છોડવાનું મન થતું નથી. મારા માટે પણ એમ જ બન્યું. ઉક્ત પુસ્તક મારા હાથમાં આવતાં જ વાંચવા માંડયું અને જલ્દી પૂરું કર્યું. એમાં એકથી એક રસિક મનનીય કથાઓ આવેલી હોવાથી એક પૂરી થતાં જ બીજી શરૂ કરવાનું મન થાય છે. એ કથાઓમાં સ્થાન સ્થાન પર બહુ સુંદર ઉપદેશ પણ આપેલ છે—જેમ ખીચડીમાં ઘી.

એકંદરે આ ચરિત્ર વાંચવા અને મનન કરવા લાયક છે. જેથી દરેક બંધુને વાંચવા મારી ભલામણ છે.

એમાં આવેલા ઉપદેશક વચનોનો સંગ્રહ કરી 'શ્રી આત્માનંદ પ્રકાશ'ના પ્રિય વાંચકોના કરકમલોમાં અર્પણ કરવામાં આવે તો કંઇક લાભ થાય એવા શુભાશયથી સંગ્રહ કરીને "ઉપદેશક પુષ્પો" એવું ઉપનામ આપીને પ્રિય વાંચકોના કરકમલોમાં મૂકું છું. આશા છે કે પ્રિય વાંચકો આ સુગંધીદાર પુષ્પોની સુગંધ લઇને પોતાના મગજને શાંતિ આપશે યાને લાભ ઉઠાવશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આ રહ્યા એ ઉપદેશક પુષ્પો—

"સજ્જનોને આનંદ ઉપજાવનાર, સમગ્ર વસ્તુઓમાં લોકોત્તર સ્થાનરૂપ તથા પ્રાણીમાત્રનો ઉદ્ધાર કરવાના વ્યાપારથી શોભાયમાન એવો **ધર્મ** ચિરકાળ જયવંત રહો! જેનાથકી બુદ્ધિ, લક્ષ્મી, વૃદ્ધિ અને સિદ્ધિ એ ચાર કામધેનુરૂપ બનીને સદા દૂઝયા કરે છે તે ધર્મ તમારા મનના મનોરથને પૂર્ણ કરો! પરોપકારી વસ્તુઓમાં એક ધર્મ જ સર્વોત્તમ છે. જે આશ્રિતો( આરાધકો )ને નિવૃત્તિ ( મોક્ષ ) આપે છે અને પોતે તો સત્તામાં પણ સ્પૃહા રહિત છે."

"જગતના ઉત્સંગ(મધ્યભાગ)માં જેનો સુયશ પ્રસરી રહ્યો છે એવા **સંતપુરુષો** જયવંત વર્તે છે, કે જેમની મતિ ધર્મમાં નિરંતર લયલીન છે."

"તે ધર્માચરણના દાન, શીલ, તપ અને ભાવ-એ ચાર પર્યાયો બુદ્ધિમાનોએ માન્ય રાખ્યા છે કે જે મનોવાંછિતોને આપનાર, ભયંકર ભવસાગરમાં સેતુ (પૂલ) સમાન, પુણ્યના કારણરૂપ તેમજ મહાપુરુષોના ચારિત્ર સાંભળવાથી જ બુદ્ધિશાળી જનોના જાણવામાં આવી શકે છે."

"**अविज्ञातत्रयीतत्त्वो, मिथ्यासत्त्वोल्लसद्भुजः।**
**हा! मूढः शत्रुपोषेण, मित्रप्लोषेण हृष्यसि॥१॥**

અહો! ત્રણ તત્ત્વને જાણ્યા વિના મિથ્યા સત્ત્વ( પરાક્રમ )થી ભુજાને ઉછાળનાર મૂઢ પુરુષ શત્રુને પોષવાથી અને મિત્રને બાળવાથી હર્ષિત થાય છે."

"જે તત્ત્વથી દેવ, ગુરુ અને ધર્મ એ તત્ત્વત્રયીને જાણે છે તેની મતિ સત્ત્વમાં રમે છે, અને તે જ મિત્રામિત્રનો ભેદ જાણી શકે છે. વીતરાગ પ્રભુ તે દેવ, તત્ત્વના ઉપદેશક તે ગુરુ અને કરુણાથી રમણીય તે ધર્મ-સુજ્ઞ જનોએ આ ત્રણ તત્ત્વો જણાવેલ છે. તે જ સત્ત્વ કે જેના યોગે સંસારસાગર સત્વર ઓળંગાય, પરંતુ મરતાને માર મારવો તે તો મિથ્યા સત્ત્વ છે. જે રાગદ્વેષાદિક શત્રુઓ વારંવાર દેહને બાળી રહ્યા છે તેમનો સમતારૂપ અસ્ત્રોથી વિચક્ષણ પુરુષોએ મૂળથી જ નાશ કરવો જોઇએ. પ્રાણીવર્ગ તે મિત્રો છે, જે દ્વેષ કર્યા છતાં તારા કર્મના નાશ માટે થાય છે, તે ક્રોધ કરે તો પણ તેને શમામૃતથી સારી રીતે ખમાવવો જોઇએ.

વિષયકષાયરૂપી જે શત્રુઓ છે તેમને મિત્રની જેમ પોષે છે અને પ્રાણીઓ જે મિત્રો છે તેને શત્રુ બનાવીને-માનીને મારે છે એવા અજ્ઞજનોને ધિક્કાર હો!"

"આ અનાદિ સંસારમા અનાદિકાળના પોતપોતાના કર્મથી આ જીવ અવ્યવહારરાશિમાં દુઃસહ દુઃખોને ભોગવી આવ્યો છે. તે અવ્યવહારરાશિમાં અસંખ્યાતા ગોળા છે, એક એક ગોળામાં અસંખ્ય નિગોદ છે અને એક એક નિગોદમાં અનંત જીવો છે. જંતુઓના પરસ્પરના નિવાસજન્ય અથડામણની પીડાથી દુઃખી થતો જીવ એકેંદ્રિયમાં અનંતા ભવ ભમે છે, ત્યાં જ ચિરકાળ જન્મમરણ કરતાં કોઇ રીતે અકામ નિર્જરાના યોગે કેટલાંક કર્મોને ખપાવે છે. એ પ્રમાણે તે નિગોદમાં મહાવ્યથાને ભોગવીને દૈવયોગે તે વ્યવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હારરાશિમાં આવે છે. અહીં ઘણા કાળ સુધી સ્થાવરનો ભવ કરી કોઈ રીતે કર્મલાઘવથી મનુષ્યજન્મ પામીને તે જ ભવમાં સિદ્ધ થાય છે; પરંતુ પ્રાયે કરીને કેટલાક બહુલકર્મી જીવો પોતપોતાના કર્મયોગે સંસારમાં ચોરાશી લાખ જીવાયોનિમાં ભ્રમણ કરે છે. તે યોનિઓ આ પ્રમાણે છે: સાત લાખ પૃથ્વીકાય જીવોની, સાત લાખ અપૂકાયની, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, વનસ્પતિના સાધારણ ને પ્રત્યેક એવા બે ભેદ છે તેમાં સાધારણ વનસ્પતિની ચૌદ લાખ અને પ્રત્યેકની દશ લાખ, બેઇંદ્રિયની બે લાખ, તેઇંદ્રિયની બે લાખ, ચૌરેંદ્રિની પણ બે લાખ, ચાર લાખ નારકીની, ચાર લાખ દેવતાની, ચાર લાખ તિર્યંચની અને ચૌદ લાખ મનુષ્યની એમ બધી મેળવતાં ચોરાશી લાખ યોનિ થાય છે. જીવોને ઉત્પન્ન થવાના સ્થાનો ઘણા હોવા છતાં જેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ સમાન હોય તેને એક યોનિ કહેવામાં આવે છે.

એ રીતે ઘણા ભવમાં ભમતાં ભમતાં જીવ મહાભાગ્યે મનુષ્યભવ પામે છે, તેમાં પણ આર્ય ક્ષેત્ર, શ્રેષ્ઠ કુળ, સંપૂર્ણ આયુ અને શરીર તેમ જ ઇંદ્રિયોનું નિરોગીપણું એ સર્વ ઉત્તરોત્તર મળવા દુર્લભ છે. તે સર્વ પ્રાપ્ત થયા છતાં પણ ગુરુની પ્રાપ્તિ અને તેમાં પણ શાસ્ત્રશ્રવણ દુર્લભ છે. તે શ્રવણ કર્યા છતાં પણ જીવને અંતરમાં શ્રદ્ધા ઉદ્ભવવી તો મુશ્કેલ જ છે. તે શ્રદ્ધા પણ પ્રાપ્ત થયા છતાં પુણ્યહીન પુરુષ પ્રાયે આધિ, વ્યાધિ ને પ્રમાદથી ધર્મ સાધવાને સમર્થ થઈ શકતો નથી. કોઈ શુદ્ધાત્મા વિરલો પુરુષ જ સર્વ સુખોના કારણભૂત તથા મનુષ્યજન્મરૂપ વૃક્ષના ફળ સમાન ધર્મને નિરંતર સાધી શકે છે. કેટલાક ભાગ્યહીન અને દુર્બુદ્ધિથી હણાયેલા માણસો અહો ! વિપરીત આચરણથી ધર્મની વિરાધના કરે છે ને પોતાના જ વૈરી બને છે. આરાધેલ અને વિરાધેલ ધર્મથી જ પ્રાણી ક્રમશઃ શુભાશુભ ફળને પામે છે. આ સિવાય કાંઈ બીજું મુખ્ય કારણ નથી એમ નિશ્ચય કરી સત્કૃત્ય આચરીને ભવ્યાત્માએ અસાધારણ સંપત્તિઓને પ્રગટાવનાર એવો આ ધર્મ જ આરાધવા યોગ્ય જ છે."

"તીર્થંકરસિદ્ધ ૧, અતીર્થંકરસિદ્ધ ૨, પ્રત્યેકબુદ્ધસિદ્ધ ૩, સ્વલિંગેસિદ્ધ ૪, પરલિંગેસિદ્ધ ૫, પુરુષલિંગેસિદ્ધ ૬, સ્ત્રીલિંગેસિદ્ધ ૭, નપુંસકલિંગેસિદ્ધ ૮, તીર્થસિદ્ધ ૯, અતીર્થસિદ્ધ ૧૦, બુદ્ધબોધિતસિદ્ધ ૧૧, એકસિદ્ધ ૧૨, અનેકસિદ્ધ ૧૩, સ્વયંબુદ્ધસિદ્ધ ૧૪ અને ગૃહસ્થલિંગેસિદ્ધ ૧૫–એ રીતે પંદર ભેદે સિદ્ધ થાય છે. વળી એક સમયમાં એકથી આરંભીને અઢીદ્વીપમાં વધારેમાં વધારે એકસો ને આઠ જીવ સિદ્ધ થાય. સિદ્ધપણાનું મુખ્ય કારણ જિનેશ્વરોએ કેવળજ્ઞાન બતાવેલ છે. તે જ્ઞાન કર્મક્ષયથી થાય અને કર્મક્ષય ધ્યાનથી થઈ શકે. અંતર્મુહૂર્ત્ત સુધી જે એકાગ્ર ચિંતવન કરવું તે ધ્યાન અને તેના આર્ત્ત ૧, રૌદ્ર ૨, ધર્મ ૩ અને શુકલ ૪–એમ ચાર ભેદો પડે છે.

—( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મુનિસુન્દરસૂરિ.

લેખક : શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેશાઇ
B. A. LL. B. Advocate.

**પ્રસ્તાવઃ**–શ્રી **મુનિસુન્દરસૂરિનાં** માતપિતા, જાતિ, જન્મસ્થાન હજી સુધી અજ્ઞાત રહ્યાં છે. સુભાગ્યે તેઓ જૈન શ્વેતામ્બર સંપ્રદાયના તપગચ્છમાં શ્રી **સોમસુન્દરસૂરિના** પટ્ટધર થયેલા હોઇ તે ગચ્છની ( ધર્મસાગર ઉપાધ્યાયકૃત તેમજ અન્ય) પટ્ટાવલીમાં તેમનાં જન્માદિ વર્ષો સાંપડે છેઃ–જન્મ સં. ૧૪૩૬, દીક્ષા સં. ૧૪૪૩, વાચકપદ સં. ૧૪૬૬, સૂરિપદ સં. ૧૪૭૮ (?૧૪૭૬), સ્વર્ગવાસ સં. ૧૫૦૩ કાર્તિક શુદિ ૧, જ્યારે **સોમસુન્દરસૂરિનાં** જન્મવર્ષાદિ એમ છે કે: જન્મ સં. ૧૪૩૦ માઘ વદિ ૧૪ શુક્ર **પાલ્હણપુરમાં**, દીક્ષાવ્રત સં. ૧૪૩૭ પાલ્હણપુરમાં, વાચકપદ સં. ૧૪૫૦, સૂરિપદ સં. ૧૪૫૭, સ્વર્ગવાસ સં. ૧૪૯૯ ( જૈ. ગૂ. કવિઓ ૨, ૭૧૯ ) એટલે બંને સૂરિઓનો જીવનકાળ પ્રાયઃ સરખો છે–એકનું આયુષ્ય ૬૯ ને બીજાનું ૬૭ વર્ષ. એકની ૬ વર્ષની વય હતી ત્યારે બીજાનો જન્મ થાય છે અને એકના સ્વર્ગવાસ પછી ચાર વર્ષે બીજાનો દેહોત્સર્ગ થાય છે. એક ૭–૮ વર્ષની વયે મુનિ-દીક્ષા લે છે ત્યારે બીજો ત્યારપછી પ્રાયઃ છ વર્ષે ૭–૮ વર્ષની વયે જ સાધુવ્રત સ્વીકારે છે એકને વાચકપદ ૨૦ વર્ષની વયે મળે છે તો બીજાને ૩૦ વર્ષની વયે પ્રાપ્ત થાય છે. એકને સૂરિપદ ગચ્છનાયક **દેવસુંદરસૂરિ** સં. ૧૪૫૭ માં પાટણમાં **નરસિંહે** કરેલા ઉત્સવપૂર્વક આપે છે, ત્યારે બીજાને તે **સોમસુંદરસૂરિ** ગચ્છનાયક થયા પછી સં. ૧૪૭૮ માં વડનગરમાં દેવરાજે કરેલા ઉત્સવપુરઃસર સૂરિપદ અર્પે છે. એક સં. ૧૪૯૯ માં સ્વર્ગસ્થ થાય છે તો બીજા તે પછી પ્રાયઃ ચાર વર્ષ તેમના પટ્ટધરની ગાદી શોભાવી દેવલોક સિધાવે છે.

આમ લગભગ આખું વિક્રમનું પંદરમું શતક બંને સૂરિઓનું જીવન રોકે છે. **સોમસુંદરસૂરિએ** અનેક ભવ્ય જૈન મંદિરોની પ્રતિષ્ઠા, અનેકને વાચકપદ અને આચાર્યપદનું મહાન્ ઉત્સવપૂર્વક દાન, પુષ્કળને આપેલી દીક્ષા, જીર્ણ પુસ્તકોનો ઉદ્ધાર, લોકભાષામાં ગદ્યગ્રંથોની રચના આદિ ધર્મકૃત્યોથી જૈનધર્મ અને સાહિત્યની અનેક પ્રકારે સ્મરણીય સેવાઓ કરવામાં પાછી પાની કરી નથી. તેથી આ શતકને યા વાસ્તવિક રીતે સં. ૧૪૫૧ થી શરૂ થતાં અર્ધ શતકને ' **સોમસુન્દર યુગ** ' એ નામ આપી શકાય તેમ છે. (જુઓ મારો ' જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,' વિભાગ પાંચમો.)

**ધાર્મિક સ્થિતિઃ**–આ વખતે જૈન ધર્મની સ્થિતિ શી હતી તેનો કંઇક ખ્યાલ મારો જૈન સાહિત્યનો **સંક્ષિપ્ત ઇતિહાસ** જોવાથી આવશે. અન્ય ધર્મની સ્થિતિ જોતાં **રામાનંદ** અને કબીરના ઉપદેશ વૈષ્ણવ સંપ્રદાય–ભક્તિ સંપ્રદાય પર જબરી અસર કરી હતી. ' **રામાનંદજી** આખા ઉત્તર હિન્દુસ્થાનમાં ચાલતી દેશ ભાષામાં **રામ–સીતાનાં** નામનો મહિમા જગાવે છે તથા વર્ણભેદ સર્વથા તજી દે છે એમના મુખ્ય શિષ્યોમાં બાર પુરુષ વિવિધ વર્ણના અને એક સ્ત્રી છે; એમાં **કબીર** (વણકર), **પીપો** (રજપૂત), **સેનો** (હજામ), **ધનો** (જાટ), **રાઇદાસ** (ચમાર) અને **પદ્માવતીનાં** નામ વિશેષ પ્રસિદ્ધ છે. કબીરજી–કબીર સાહેબને જ્ઞાન અને જ્ઞાનથી પ્રકાશિત થએલી ભક્તિ સિવાય કાંઇ જ ગમતું નથી. હિન્દુઓમાં તેમજ મુસલમાનોમાં ધર્મને નામે ચાલતી ક્રિયાઓને અને દુકાનદારીઓને એ સખ્ત શબ્દમાં નિન્દે છે. મૂર્તિપૂજા, સ્નાન, વ્રત, જપ, તપ વગેરે કર્મકાંડની પ્રક્રિયાઓનું તથા કાજી અને આચાર્યોના મિથ્યાજ્ઞાનનું ખંડન કરે છે અને 'રામ' અને 'રહીમ' હિન્દુ અને મુસલમાન બંનેનો ઇશ્વર એક જ છે એમ પ્રતિપાદન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. એમના વિશાળ ઉપદેશને લીધે હિંદુ અને મુસલમાન બંને કબીરજીને પોતાના તરીકે માને છે.' (જુઓ આચાર્યશ્રી **આનંદશંકરનો હિન્દુ વેદધર્મ** નામનો શિક્ષોપયોગી ગ્રંથ )

**રાજકીય સ્થિતિ**:—જિનપ્રભસૂરિ વિવિધ-તીર્થકલ્પ(સિંધી જૈન ગ્રંથમાલા)ના પૃ. ૩૦ માં જણાવે છે કે 'વિક્રમ સંવત્ ૧૩૫૬માં **અલ્લાઉ**દીન સુલતાનનો કનિષ્ઠ ભ્રાતા નામે ઉલ્લૂખાને દિલ્હી-માંથી મંત્રી **માધવ**થી પ્રેરાઈને ગૂર્જરધરામાં પ્રવેશ કર્યો. ચિતોડના રાણા **સમરસિંહે** દંડ દઈ **મેવાડ** દેશને બચાવ્યો. પછી તે **હમ્મીરનો** યુવરાજ **વાગડ** દેશના મુહડાસય આદિ નગરો ભાંગીને **આસાવલમાં** આવ્યો. ગુજરાતનો રાજા કર્ણદેવ નાઠો. **સોમનાથ**-ને ઘણના ઘાથી ભાંગીને ગર્દભ પર રાખીને દિલ્હીમાં દાખલ કર્યા. વળી **વણથલીએ** જઈ **મંડ**-લિક રાણાને દંડીને **સોરઠમાં** નિજ આણ પ્રવર્ત્તાવી આસાવલમાં પડાવ નાંખ્યો. મઠ, મંદિર, દેવાલય આદિ બાળતા હતા.'[1] આ રીતે મુસલમાનોની ગુજ-રાતમાં આણ પ્રવર્ત્તી. રાજપૂતોનું રાજ્ય ગયું. પ્રાચીન ગુજરાતનું છેલ્લું પ્રકરણ પૂરું થયું.

**અલ્લાઉદ્દીન** સંબંધી કંઇક વિશેષ વર્ણન માટે જુઓ **નાભિનંદનોદ્ધાર પ્રબંધ**, પ્રસ્તાવ ૩, શ્લોક ૧ થી ૯. તેણે ગુજરાતનું આધિપત્ય **અલપખાન** નામના સૂબાને સોંપ્યું હતું કે જેણે **ઓસવાલ** **સમરસિંહને શત્રુંજય તીર્થ** કે જેના મૂલનાયક શ્રી આદિનાથની મૂર્ત્તિનો ભંગ મ્લેચ્છોનાં સૈન્યોએ કર્યો હતો તેનો ઉદ્ધાર કરવાનું આજ્ઞાપત્ર-ફરમાન આપ્યું હતું. જુઓ તે જ ગ્રંથનો ત્રીજો પ્રસ્તાવ. આ રીતે દિલ્હીના સુલતાનો વખતોવખત પોતાના તરફથી સૂબાઓ નીમી ગુજરાતનો વહીવટ કરતા હતા. તેમ એકસો વર્ષ સુધી ચાલ્યું.

આવા સૂબાઓ—હાકેમો જ રાજના ખરા ધણી હતા. છેલ્લો સૂબો **ઝફરખાન (બીજો)** હતો. તેમા બાપ વિષે એમ કહેવાય છે કે તે **ટાંક** જાતનો રજપૂત હતો. તેનું નામ **સાહારણ** હતું ને તેના ભાઇનું નામ **સાધુ** હતું. **ફિરોઝ તઘલખ** દિલ્હીની ગાદીએ બેઠો તે પહેલાં એક વખત **પંજાબમાં** શિકાર કરવા જતાં ભૂલો પડીને **ટાંક** રજપૂતોના **થાનેસર** પાસેના એક ગામમાં જઈ ચડ્યો. ત્યાં ઉક્ત બંને ભાઇઓએ તેનો ઘણો આદરસત્કાર કર્યો, ને પછી તે મહેમા-નની ખરી પીછાન થતાં પોતાની બહેનને તેની સાથે પરણાવી અને મહેમાનનો પૂરો લાભ લેવાનું ચાલુ રાખ્યું. **ફિરોઝ તઘલખે** સમજાવી બંનેને ઇસ્લામી કરી **વજિર-ઉલ્-મુલ્ક** અને **શમશેરખાનનાં** પદ-નામ આપ્યાં. તે ગાદી પર આવ્યો ત્યારે તો બંનેની સત્તા વધારી દીધી. **શમશીરખાન** અને **વજિર**-**ઉલ્-મુલ્કના** દીકરા **ઝફરખાનને** પોતાનાં જામ-પ્યાલા ધરનારા કરી અમીર બનાવ્યા. પછી સને ૧૯૩૧-વિ. સં. ૧૪૪૭ માં **ઝફરખાનને** ગુજરાતનો સૂબો બનાવી અગાઉના આપ અખત્યાર થયેલા **રાસ્તિ**-ખાન નામના સૂબાને પાછો મોકલવા, ને તે ન માને તો હાંકી કાઢવા ગુજરાત કે જ્યાં બહુ બખેડા જાગ્યા હતા ત્યાં શાંતિ સ્થાપવા મોકલ્યો.

હિન્દુ રજપૂતમાંથી વટલી મુસ્લીમ થનાર પિતાના આ પુત્ર **ઝફરખાનને** ગુજરાતના **માલેક** જેવી પદવી મળી એટલે શી બાકી રહે? વટલેલમાં કટ્ટરતા, ઝનૂનીપણું, ઉગ્રતા વિશેષ હોય છે ને તે વંશપરંપરા વિશેષ ને વિશેષ પ્રમાણમાં દેખા દે છે.

---

[1] अह **तेरसय-छप्पन्ने विक्कम**वरिसे (१३५६) **अल्लावदीणसुरताणस्स** कणिठ्ठो भाया **उलूखान**नाम धिज्जो **ढिल्ली**पुराओ मंति **माहवपेरिओ गुज्जरधरं** पठ्ठिओ । **चित्तकूडा**हिवइ **समरसीहेण** दंडं दाउं **मेवाड**देसो तथा रक्खिओ । तओ **हम्मीर**जुवराओ **वग्गडदेसं मुहडासयाइं** नयराणि य भंजिज्ज **आसावल्लीए** पत्तो । **कण्णदेव**राया अ नट्ठो । **सोमनाहं** च घणघाएण गड्डए रोविऊण **ढिल्लीए** पेसेइ । पुणो **वामणथलीए** गंतुं **मंडलिक्क**-रायं दंडित्ता **सोरठे** निअआणं पयट्ठाविता **आसावल्लीए** आवासिओ । मठ-मंदिरदेउलाईणि पज्जीलेई ।

—जिनप्रभसूरिकृत विविधतीर्थकल्पे पृ. ३०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ચોવીશ તીર્થંકરનું સ્તવન

(કર્તા–મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ)

મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા–એ રાગ

પહેલા **રીખવદેવ** બીજા **અજીતનાથ**,
ત્રીજા **સંભવનાથ** દેવ રે;
ચારિત્રધર્મની ઉપાસના.

પ્યારી છે વીરની ઉપાસના,
પહોંચ્યા છે મુક્તિના દ્વારમાં.

ચોથા **અભિનંદન** પાંચમા **સુમતિનાથ**,
છઠ્ઠા **પદ્મપ્રભુ** દેવ રે;
ચારિત્રધર્મની ઉપાસના.

સાતમા **સુપાર્શ્વનાથ** આઠમા **ચંદ્રપ્રભુ**,
નવમા **સુવિધિનાથ** દેવ રે;
ચારિત્રધર્મની ઉપાસના.

દશમા **શીતલનાથ** અગીયારમા **શ્રેયાંસનાથ**,
બારમા **વાસુપૂજ્ય** સ્વામી રે;
ચારિત્રધર્મની ઉપાસના.

તેરમા **વિમલનાથ** ચૌદમા **અનંતનાથ**,
પંદરમા **ધર્મનાથ** દેવ રે;
ચારિત્રધર્મની ઉપાસના.

સોળમા **શાંતિનાથ** સત્તરમા **કુંથુનાથ**,
અઢારમા **અરનાથ** દેવ રે;
ચારિત્રધર્મની ઉપાસના.

ઓગણીસમા **મલ્લિનાથ** વીશમા **મુનિસુવ્રતનાથ**,
એકવીશમા **નમિનાથ** દેવ રે;
ચારિત્રધર્મની ઉપાસના.

બાવીશમા **નેમિનાથ** ત્રેવીશમા **પાર્શ્વનાથ**,
ચોવીશમા **મહાવીર** દેવ રે;
ચારિત્રધર્મની ઉપાસના.

"**લક્ષ્મીસાગર**" નમે ચોવીશ જિણંદને,
**અજિતપદને** કાજ રે;
ચારિત્રધર્મની ઉપાસના.

ઝફરખાન **નાગોર** પાસેથી પસાર થતાં **ખંભાતના** લોકોના પ્રતિનિધિ મંડળે મળી **રાસ્તિખાનના** જુલ્મોની ફરિયાદ કરી. તેને દિલાસો આપી પોતે **પાટણ** આવી ત્યાંથી **રાસ્તિખાન** સામે ચડી તેને હરાવ્યો ને મારી નાંખ્યો. પછી **ખંભાત** જઈ ત્યાંના લોકોની ફરિયાદો દૂર કરી શાંતિ સ્થાપી.

ત્રીજે વર્ષે સને ૧૩૯૩–સં. ૧૪૪૯માં ઇડરના રાવ પાસેથી, અને પછીના વર્ષે **જુનાગઢ** પાસેથી ખંડણી લીધી. **સોમનાથ** જઇને તે હિન્દુઓનું મંદિર તોડયું ને ત્યાં જુમામસીદ બાંધી તથા થાણું થાપ્યું. **માંડુ** પર જતાં તે ગઢ ન જીતાયો. **અજમેર** મુસ્લિમ યાત્રા કરી સાંભર, દંડવાણાના રાજા સામે જઇ પછી **દેલવાડા** અને ઝાલાવાડના રજપૂતો પર હલ્લો કરી તેમને હરાવી **પાટણ** સને ૧૩૯૬–સં. ૧૪૫૨માં આવ્યો. ઇડરનો ગઢ જીતવા જતાં ત્યાંના રાજા રાવ રણમલ્લ સાથે લડાઇ સને ૧૩૯૭(સં. ૧૪૫૪)માં થઇ. ને તૈમૂરની ફતેહની ખબર સંભળાઇ. પૂરી ફાવટ આવી નહિ; **એટલે રણમલ્લ** સાથે સંધિ કરી તેને **પાટણ** પાછા ફરવું પડયું. પછીના વર્ષમાં **સોમનાથના** લોકો સ્વતંત્ર થવા માગે છે એમ ખબર મળતાં લશ્કર લઇ જઇ, તેમને હરાવી ઇસ્લામ ધર્મને દૃઢ પાયા પર મૂકયો. પાંચમે વર્ષે પોતાના પુત્રને સુલતાન બનાવ્યો ને તેણે કર્ણાવતી–**આસાવલને** રાજધાની કરી. પણ તે ટૂંક વખતમાં મરણ પામતાં ઝફરખાને પોતે સુલતાન બની **મુઝફરશાહ** નામ રાખ્યું. **સને ૧૪૦૭ (સં. ૧૪૬૩)**; પછી **સને ૧૪૧૦–૧૧ (સં. ૧૪૬૬–૭)**માં કહેવાય છે કે તેના પૌત્ર **અહમદશાહે** આપેલ ઝેરથી તે અકાળે મરણ પામ્યો ને તે અહમદશાહે ગાદીએ બેસી સને ૧૪૧૨માં (સં. ૧૪૬૮ વૈશાખ વદિ ૩ રવિ દિને) **આસાવલનું** નામ બદલી **અહમદાવાદ** (હાલનું **અમદાવાદ**) રાખ્યું ને પછી એને વધારવા તથા મજબૂત કરવા માંડયું. પહેલાં બંડો જાગ્યાં, પણ તે બધાંને દાબી દઇ, જે જે તેની સામે થયા તેને જેર કરી તેણે પોતાની સત્તા ખૂબ જમાવી. તે બહાદૂર લડવૈયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતો. ઈડર, **ચાપાનેર, સંખેડા, માંડુ, મોડાસા,** જુનાગઢ વગેરે શહેરો પર ચઢાઇ કરી સર્વત્ર પોતાની આણ વર્ત્તાવી. તે સને ૧૪૫૯( સં. ૧૫૧૩ )માં મૃત્યુ પામ્યો. આમ વિક્રમ પંદરમા શતકમાં ગુજરાતની રાજકીય સ્થિતિ હતી.

મેવાડમાં ખેતો મહારાણો સં. ૧૪૨૧માં ચિતોડની ગાદીએ બેઠો. તે વીર પ્રકૃતિનો હોઈ અનેક લડાઇઓ લડ્યો ( **ચિત્રકૂટ** પ્રશસ્તિ. શ્લો. ૧૦ ). તેણે **મંડલગઢ** તોડ્યો; **માલવાના** યવન રાજા **અમીશાહને** જીત્યો. પછી **લાખો** રાણો સં. ૧૪૩૯માં ગાદીએ આવ્યો. ( ચિ. પ્ર. શ્લો. ૧૧ ) તે સં. ૧૪૭૫ સુધી હયાત જરૂર હતો. તેના પછી **મોકલ** નામનો રાણો થયો. (ચિ. પ્ર. શ્લો. ૧૨ થા ૧૭) પછી તેનો પુત્ર કુંભકર્ણ–કુંભો રાણો સં. ૧૪૯૦માં ચિતોડના રાજસિંહાસને વિરાજ્યો અને 'હિન્દુ સુરત્રાણ' એટલે હિંદુ બાદશાહ આદિ બિરુદોને સાર્થક કરતો મહાપ્રતાપી ને પરાક્રમી સાથે દાની ને વિદ્વાન પ્રજાપ્રિય રાજા તરીકે રાજ્ય કરી, અનેક ગઢોને જીતી મેવાડને મહારાજ્ય બનાવી પોતાના પુત્ર ઉદાને હાથે અકાળે સં. ૧૫૨૫માં મૃત્યુ પામ્યો. જૂની શિરોહી સં. ૧૪૬૨માં દેવડા રાવ **શિવભાએ** વસાવીને ત્યાં રાજધાની કરી, પછી તેના પુત્ર **સહસ્રમલ્લે** સં. ૧૪૮૨માં નવી **શિરોહી** વસાવી ત્યાં રાજ્યગાદી સ્થાપી. ઇડરમાં આ વખતે રણમલ્લરાજા (સોમસૌભાગ્ય ૬, શ્લો. ૪; ક્રિયારત્નસમુચ્ચય પ્રશસ્તિ શ્લો. ૨, પીટર્સન રિપોર્ટ ૬, પૃ. ૧૭ ) અને તે પછી તેના પુત્ર **પુંજ–પુંજો** રાજ્ય કરતો હતો. જુએ સોમસૌભાગ્ય ૬, શ્લો. ૬ ને ૭ કે જેમાં જણાવ્યું છે કે " જે શ્રી પુંજ રાજાએ રણભૂમિમાં પોતાની ભુજાના બળથી બાદશાહી રાજસેનાનો નાશ કર્યો હતો તેથી ' વીરાધિવીર ' એવું ઉજ્જવળ બિરુદ મેળવ્યું હતું"—આ બાદશાહી સેના ઉપર્યુક્ત ગુજરાતના સુલતાન અહમદશાહની હોવી ઘટે. તેને આ પુંજોરાવ બહુ જ હેરાન કરતો. ઘણી વખત તે ઇડર પર લશ્કર લઇ ગયો. પણ રાવ હાથમાં ન આવતો અને પાસેના પર્વતોમાં સહીસલામત રહેતો. આથી તે રાવને આંજી નાંખવા અને હીલચાલને કાયમ બંધ રાખવા **અહમદશાહે** ઇડરની દક્ષિણ–પશ્ચિમે ૧૮ માઇલ દૂર **હાથમતી** નદીના કાંઠે એક કિલ્લો બાંધી તેનું નામ **અહમદનગર** રાખ્યું–સને ૧૪૨૭–૨૮ ( સં. ૧૪૮૩–૮૪ ) અને ત્યાં ટંકશાળ સ્થાપી પોતાના સિક્કા પાડયા. રાવ **પુંજો** સં. ૧૪૮૪માં મરણ પામ્યો.

**ચાંપાનેર–પાવાગઢમાં** જયસિંહ નામનો રાજા હતો. તે ગઢ પર ઉક્ત **અહમદશાહે** સને ૧૪૧૮ (સં. ૧૪૭૪)માં ચડાઇ કરી, પણ તે તેને લઇ ન શકયો–આસપાસનો પ્રદેશ ખેદાનમેદાન કર્યો. સને ૧૪૮૨ થી ૮૪ (સં. ૧૫૩૮ થી ૪૦) એ બે વર્ષ તે ગઢને જીતવા **મહમદ બેગડાએ** ગાળ્યાં અને આખરે લીધો ને ત્યાં મુસ્લીમ રાજ્ય થયું.


**સૌરાષ્ટ્રમાં** જોઇએ તો સં. ૧૪૫૪ માં ઉક્ત ઝફરખાને કાંઠા પરના સ્થાનિક ઠાકોરોનો પરાભવ કરી **સોમનાથનું** દહેરું ત્રીજી વખત નાશ કર્યું. એક **સોરઠમાં** અને બીજો **માંગરોળમાં** એમ બે મુસલમાન હાકેમ નીમ્યા. **સોરઠનું** થાણું **સોમનાથ** પાટણમાં હતું. સં. ૧૪૭૦માં ઉક્ત **અહમદશાહે** જુનાગઢના ચૂડાસમા રા. **મેલકને** વણથલી પાસે હરાવ્યો. જુનાગઢ પાસેથી ખંડણી લીધી; **ઝાલા** રજપુતો અને ગોહિલોને પણ પોતાના ખંડિયા કર્યાં. રા. **મેલક** પછી જયસિંહ ( લેખ સં. ૧૪૭૩ ) ને **મહિપાલ** ( લેખ સં. ૧૪૮૮, સં. ૧૪૯૫), પછી રા. **મંડલિક** સં.૧૫૦૭માં જુનાગઢની ગાદીએ આવ્યો.

ઉપરોક્ત પરિસ્થિતિમાં જૈનોની પ્રવૃત્તિ કેવી હતી તે હવે પછી જણાવીશું.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## પાણીની રેલમછેલ-દૈવી ચમત્કાર.

ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદ સૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજ સં. ૧૯૫૨ના વૈશાખ સુદિ પુનમની સનખતરામાં પ્રતિષ્ઠા કરાવી ગુજરાંવાલા પધારતાં પસરૂર પધાર્યા. પસરૂરમાં દેવપૂજક જૈન કોઇ નહિ હોવાથી તેમજ બધા સ્થાનકવાસીઓના ઘરો હોવાથી ઉકાળેલું પાણી ન મળવાથી પંજાબની સખ્ત ગરમીમાં બપોર પછી વિહાર કરવો પડયો હતો. તે વખતે દૈવકોપથી કહો કે કુદરતના બળે કહો યા પસરૂરના અસદ્દભાગ્યે કહો, ગમે તે કારણે પસરૂરના કુવાઓનું પાણી સૂકાઇ ગયું અર્થાત્ પાણી ઓછું થઇ ગયું, જેથી લોકોને પાણી માટે સહન કરવું પડતું હતું. પણ પસરૂરના સદ્દભાગ્યે ૪૬ વર્ષ પછી આ વર્ષે એઓશ્રીજીના પટ્ટપ્રભાવક પંજાબકેશરી અજ્ઞાનતિમિરતરણિ કલિકાલકલ્પતરુ આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના શુભાગમનથી પસરૂરના કુવાઓનું પાણી પાછું ઉભરાઇ ગયું છે—પાણીની રેલમછેલ થઇ ગઇ છે. લોકોને પાણીનું દુઃખ દૂર થયું અને શાસનનો :મહિમા થયો. આ પણ એક દૈવી ચમત્કાર જ કહેવાયને ?

તા. ૧૮-૭-૪૧ના દિવસે બપોરે પસરૂરનિવાસી લાલા કસ્તૂરીલાલજી આચાર્યશ્રીજીના દર્શનાર્થે આવ્યા અને ઘણા ભાઇઓની સમક્ષ આ વાત કહી સંભળાવી.

ગુરુદેવ ! આપનું અમારા નગર(પસરૂર)માં એવો કોઇ શુભ પળે પધારવું થયું કે જેથી અમોને વર્ષોથી પાણીનું દુઃખ વેઠવું પડતું હતું તે મટી ગયું છે. આપશ્રીજીના શુભાગમનના દિવસે રાત્રિની સભામાં શ્રી આત્માનંદ જૈન ગુરુકુળના અધિષ્ઠાતા શ્રી અનંતરામજી વકીલે બૂલંદ અવાજે ભાષણ આપતાં જણાવ્યું હતું કે આપણા સદ્દભાગ્ય છે કે આપણા નગરમાં આવા ઉચ્ચ કોટિના મહાત્માનું પધારવું થયું છે. આપણે સૌએ જે અપૂર્વ સ્વાગત કર્યું છે, જે ભાવભક્તિ કરી છે, એના પ્રતાપે આચાર્યશ્રીજીની સુકૃપાથી પાણીનું જે દુઃખ છે તે હવે દૂર થઇ જશે, અર્થાત્ ૪૬ વર્ષ પૂર્વે જ્યારે મોટા ગુરુમહારાજ ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજ અહીં પધાર્યા હતા ત્યારે એઓને ગરમ પાણી ન મળવાથી જેઠ મહિનાની સખત ગરમીમાં બપોર પછી વિહાર કરવો પડયો હતો. તે વખતે આપણા અસદ્દભાગ્યે કે દૈવના કોપથી કુવાઓનું પાણી સૂકાઈ ગયું હતું—ઓછું થઈ ગયું હતું, તે હવે આચાર્ય ભગવાનની કૃપાથી પાછું આવી જશે—પાણીની રેલમછેલ થઈ જશે એમ મને મારો આત્મા સાક્ષી આપી રહેલ છે. ગુરુદેવ ! અધિષ્ઠાતાજીના આ વચનો સત્ય પડયા છે. કુવાઓમાં પાણી પુષ્કળ આવી ગયું છે. અમારા અજૈન બંધુઓ કહી રહ્યા છે કે આ બધો પ્રતાપ એ મહાપુરુષનો જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પંજાબ સમાચાર.

પંજાબકેશરી આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાની પંન્યાસ સમુદ્રવિજયજી આદિ શિષ્યમંડળી સાથે શીયાલકોટ શહેરમાં ચાતુર્માસ બિરાજવાથી જૈનધર્મની સારી પ્રગતિ થઇ રહી છે.

આચાર્યશ્રીજી દરરોજ શ્રી આત્માનંદ જૈન ભુવનમાં જૈનધર્મ, મૂર્તિમંડન, પ્રભુપૂજા, માંસત્યાગ, ગૃહસ્થોનું કર્ત્તવ્યાદિ વિવિધ વિષયો પર જોરદાર વ્યાખ્યાનો આપી જ્ઞાનામૃતનો પ્રવાહ વહેવડાવી રહેલ છે. એનો લાભ દેવપૂજક જૈનો ઉપરાંત બ્રાહ્મણુ, ક્ષત્રિ, શીખ, ઇસાઇ, મુસલમાન વિગેરે વિગેરે ખૂબ ઉઠાવી રહેલ છે.

બહારગામોથી ભક્તગણ પણ અવારનવાર દર્શનાર્થે આવી લાભ ઉઠાવી રહેલ છે.

વિઘ્નસંતોષીઓ વ્યાખ્યાન આદિમાં વિઘ્નો નાખવા મથે છે, પણ એ બિચારાઓનું કંઇ ચાલતું નથી. વિઘ્નસંતોષીઓ આ ઐકયના સમયમાં પણ અનૈકય કરવા ચૂકતા નથી એ આશ્ચર્યની વાત છે. ગમે તેમ કરે પણ હવે સ્યાલકોટ શહેરમાં જૈન ધર્મનો વિજયવાવટો સદૈવ ફરકતો રહેશે એ નિસંશય વાત છે.

રાયસાહેબ લાલા કર્મચંદજી અગ્રવાલ ઓનરરી માજીસ્ટ્રેટ, લાલા ભગવાનદાસજી અગ્રવાલ વિગેરે ઘણા ભાઇઓ દૂર રહેવા છતાં વ્યાખ્યાનના સમય પહેલાં જ આવી પોતપોતાનું સ્થાન સંભાળી લે છે!

## બંધારણ સમિતિ.

શ્રી આત્માનંદ જૈન સભા ( મુંબઇ )ની સ્થાપના ગયા ચૈત્ર સુદ ૧ ના રોજ મુંબઇ માં થઈ ગઇ છે. હીરાચંદભાઇ મલબારી તથા શાહ વાડીલાલ જેઠાલાલ તેના સેક્રેટરીઓ ચૂંટાયા છે. આ સંસ્થાની શેઠ ફૂલચંદભાઇ શામજીના પ્રમુખપણા નીચે એક મીટિંગ અશાડ વદિ ૧૧ ના રોજ શેઠ મોતીલાલ મૂળજીની પેઠી ઉપર મળી હતી. જેમાં થયેલ કાર્યોનો રિપોર્ટ જણાવવા પછી તેના ઉદ્દેશની પત્રિકા વાંચી સંભળાવી હતી. છેવટે ૧ મોતીચંદ ગિરધરલાલ કાપડીયા સોલીસીટર, ૨ શેઠ ફુલચંદભાઇ શામજી, ૩ શેઠ લલ્લુભાઇ કરમચંદ ૪ મોહનલાલ દીપચંદ ચોકસી તથા ૫ હીરાભાઇ રામચંદ મલબારી એ પાંચ ભાઇઓની બંધારણ સમિતિ નિમવામાં આવી હતી અને સભ્યોના પ્રકારોની હકિકત નકકી કરી હતી.

# સ્વીકાર અને સમાલોચના

## લેખસંગ્રહ ભા. ૫ મો.

સદ્ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજશ્રીના શ્રી આત્માનંદ પ્રકાશ માસિકમાં આવેલા લેખોનો આ સંગ્રહ છે જે મનનપૂર્વક વાંચવા લાયક છે. પ્રકાશક. શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ–મુંબઇ. કિંમત પાંચ આના

## સાભાર સ્વીકાર.

૧. શ્રીયશોવિજયજી જૈન ગુરુકુલ–પાલીતાણાનો સં. ૧૯૯૬ની સાલનો ત્રેવીસમો વાર્ષિક રિપોર્ટ તથા હિસાબ મળેલ છે.

૨. શ્રી જૈન બાળ વિદ્યાર્થી ભુવન તથા શ્રી જૈન વિદ્યાર્થી કેળવણી ફંડનો સં. ૧૯૯૫ની સાલનો રિપોર્ટ હિસાબ તથા શ્રી જૈન યુવક મંડળ ભાવનગરનો સં. ૧૯૯૩ થી ૧૯૯૭ ના ફાગણ વદિ ૩ સુધીનો અહેવાલ તથા હિસાબ મળેલ છે.

૩. શ્રી તળાજા વર્ધમાન તપખાતાનો સં. ૧૯૯૫ ના કારતક શુદિ ૧ થી સં. ૧૯૯૭ ના ચૈત્ર વદિ ૩૦ સુધીનો રિપોર્ટ મળ્યો છે. તીર્થક્ષેત્રમાં વર્ધમાન તપ ખાતું વ્યવસ્થિત ચાલે અને તેનો લાભ જૈન બંધુઓ અને બહેનો લે તે પ્રશંસનીય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## "શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું ૩૯ મું વર્ષ શરૂ થતાં મુનિમહારાજાઓ તરફથી મળેલ શુભ આશીર્વાદો.

જે હિન્દુસ્તાન અને પાશ્ચિમાત્ય દેશોમાં જૈન ધર્મનો વિજયડંકો વગાડી ગયા છે, હજારો ભવ્ય જીવોને સન્માર્ગમાં જોડી ગયા છે, મોટા મોટા તાત્વિક ગ્રંથરત્નો રચી સાહિત્યનો ખજાનો જૈન સમાજને સુપ્રત કરી ગયેલ છે, ગગનચુમ્બી દહેરાસરો બંધાવી પોતાના કીર્તિસ્તંભો ઊભા કરી ગયા છે, તે મહાપ્રભાવિક ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર( આત્મારામ )જી મહારાજના સ્મરણાર્થે એઓશ્રીજીના શુભ નામથી પ્રસિદ્ધ થતું આત્માને આનંદ અર્પણ કરનાર શ્રી આત્મા–આનંદ-પ્રકાશ આત્માનંદ પ્રકાશ ૩૮ વર્ષ વિવિધ વિષયોના લેખોથી જૈન સમાજની સેવા કરી, જૈન સમાજના આત્માને આનંદ આપી, ૩૯ વર્ષમાં પ્રવેશ કરે છે, તે જાણી મારા આત્માને અનહદ આનંદ થાય છે. એ મહાપુરુષની સુકૃપાથી આ **આત્માનંદ પ્રકાશ** ચિરકાળ સુધી જયવંતુ વર્તે અને સાંસારિક આત્માઓને આનંદ પહોંચાડતું રહે એ જ શુભાકાંક્ષા.

**પંજાબકેશરી અજ્ઞાનતિમિરતરણિ કલિકાલકલ્પતરુ આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પં. સમુદ્રવિજયજી ગણિ–સ્યાલકોટ સિટી,**

"આત્માનંદ પ્રકાશ" પોતાના માસિકના ૩૯ મા વર્ષમાં પ્રવેશે છે જાણી આનંદ. સભાએ સુંદર અણમોલ પુસ્તકો સુંદર રીતે, નવીન અને આકર્ષક પદ્ધતિએ પ્રકાશિત કરી જૈન સંઘની મહાન્ સેવા બજાવી છે. આત્માનંદ પ્રકાશ પણ બાહ્ય અને અભ્યંતરથી જૈન સંઘને પ્રકાશ આપે એ જ શુભેચ્છા.

**મુનિ દર્શનવિજયજી**—અમદાવાદ.

Congratulation for happy new year of Atmanand Prakash.

**Muni Shree Hemendrasagar.**

## અભિનંદન

લે૦ મુનિ હેમેન્દ્રસાગર.

( હરિગીત )

આત્માતણા આનંદની,
લહરી જગાવી જૈનમાં,
સંસ્કાર આપ્યા દિવ્ય,
વળી ચેતન જગાડયું જૈનમાં;
તપત્યાગના સૂત્રોથકી,
સાધુત્વને દઢતર કર્યું,
ગ્રંથો પ્રગટ કીધા મનોહર,
સર્વમાં ગૌરવ ભર્યું. ૧

કીર્તિ જિનેશ્વર ધર્મની,
દિશ દિશ વિષે પ્રસરી રહી,
તેની પ્રભા સાત્વિક રૂડી,
વ્યાપી ભવિ ઉરની મહીં;
મંગલ ગીતો આનંદ,
ધ્વનિનાં ગૃહગૃહે ગાજીરહો,
અભિનંદનો સત્કાર્ય યોજી,
સર્વનાં હોંશે ગ્રહો. ૨

નૂતન ઉષા શોભી રહી,
આ નવ્ય વર્ષે પત્રની,*
પ્રતિવર્ષ થાઓ ઉન્નતિ,
આ ભવ્ય અક્ષર-સત્રની;
બુદ્ધિબળે આગળ વધો,
હોંશે અજિત સિદ્ધિ વરો,
હેમેન્દ્ર દે આશિષ શુભ,
જિનચરણ ભજી ભવને તરો. ૩

અનુષ્ટુપ.

આનંદે વિજયી થાઓ, આત્માનંદ સભા સદા;
આત્માનંદ પ્રકાશેથી, પામો ઉન્નતિ સર્વદા.

* આત્માનંદ પ્રકાશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧. | શાહ શશીકાંત ત્રિભુવનદાસ. | વડોદરા | લાઇફ મેમ્બર |
| ૨. | પ્રો. ખીમચંદભાઈ ચાંપશીભાઇ શાહ એમ. એ. | ભાવનગર | ,, |
| ૩. | મહેતા શાંતિલાલ ગંભીરદાસ. એલ. સી. ઇ. | ,, | વાર્ષિક મેમ્બર |
| ૪. | વકીલ વૃજલાલ બકોરદાસ. | ,, | ,, |
| ૫. | મહેતા જેઠાલાલ મોરારજી. | વરતેજ | ,, |
| ૬. | શાહ સૌભાગ્યચંદ જીવણભાઇ. | ભાવનગર | ,, |

---

## નીચેના પ્રાકૃત–સંસ્કૃત ગ્રંથોની ઘણી અલ્પ નકલો જ સિલિકે છે, જેથી જલદી મંગાવવા સૂચના છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) વસુદેવ હિંડિ પ્રથમ ભાગ | | રૂ. ૩–૮–૦ | (૬) બૃહત્કલ્પસૂત્ર ભા. ૪ થો | રૂ. ૬–૪–૦ |
| (૨) ,, | દ્વિતીય ભાગ | રૂ. ૩–૮–૦ | (૭) ,, ભા. ૫ મો | રૂ. ૫–૦–૦ |
| (૩) બૃહત્કલ્પસૂત્ર | ભા. ૧ લો | રૂ. ૪–૦–૦ | (૮) શ્રી દેવેન્દ્રસૂરિકૃત ચાર કર્મગ્રંથ | રૂ. ૨–૦–૦ |
| (૪) ,, | ભા. ૨ જો | રૂ. ૬–૦–૦ | (૯) પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ ભા. ૨ જો | રૂ. ૪–૦–૦ |
| (૫) ,, | ભા. ૩ જો | રૂ. ૫–૮–૦ | | |

(૧૦) ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર પર્વ ૧ લું પ્રતાકારે તથા બુકાકારે રૂ. ૧–૮–૦

---

# કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત–પ્રથમ ભાગ રૂ. ૨–૦–૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂ. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના-સંકલના વિદ્વત્તાપૂર્ણ કરવામાં આવેલ છે જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોષ, શ્વેતાંબરીય કર્મતત્ત્વ વિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂ. ૬–૦–૦. પોસ્ટેજ જુદું.

**લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

( આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

## શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂા. ૧–૧૨–૦ |
| ૨. | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | રૂા. ૨—૦–૦ |
| ૩. | સદર ભાગ ૨ જો. | રૂા. ૨—૮–૦ |
| ૪. | શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂા. ૧–૧૨–૦ |
| ૫. | શ્રી મહાવીર ચરિત્ર. | રૂા. ૩—૦–૦ |
| ૬. | શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂા. ૨—૮–૦ |
| | | રૂા. ૧૩—૮–૦ |

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધાં લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત ( રૂા. ૨–૦–૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવશે.

## ગુજરાતી ગ્રંથો.

**નીચેના ગુજરાતી ભાષાના કથાના સુંદર પુસ્તકો પણ સિલિકે ઓછા છે. વાંચવાથી આહ્લાદ ઉત્પન્ન કરે તેવા છે. મનુષ્ય સંસ્કારી, ચારિત્રવાન બનતાં આત્મકલ્યાણ સાધી શકે છે. મંગાવી ખાત્રી કરો. બધા પુસ્તકો સુંદર અક્ષરોમાં સુશોભિત કપડાંના પાકા બાઇન્ડીંગથી અલંકૃત અને કેટલાક તો સુંદર ચિત્રો સહિત છે.**

| | | | |
|---|---|---|---|
| (૧) શ્રી ચંપકમાળા ચરિત્ર | રૂા. ૦–૮–૦ | (૯) સુકૃતસાગર (પૃથ્વીકુમાર ચરિત્ર) | રૂા. ૧–૦–૦ |
| (૨) શ્રી સમ્યક્ત્વ કૌમુદી | રૂા. ૧–૦–૦ | (૧૦) શ્રી પ્રભાવક ચરિત્ર | રૂા. ૨–૮–૦ |
| (૩) શ્રી ઉપદેશ સપ્તતિકા | રૂા. ૧–૦–૦ | (૧૧) શ્રીપાળરાજાનો રાસ સચિત્ર અર્થ સહિત સાદું પૂંઠું | રૂા. ૧–૪–૦ |
| (૪) સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | રૂા. ૧–૦–૦ | ,, રેશમી પૂંઠું | રૂા. ૨–૦–૦ |
| (૫) આદર્શ જૈન સ્ત્રીરત્નો | રૂા. ૧–૦–૦ | (૧૨) સતી સુરસુંદરી ચરિત્ર | રૂા. ૧–૮–૦ |
| (૬) શ્રી દાનપ્રદીપ | રૂા. ૩–૦–૦ | (૧૩) શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | રૂા. ૦-૨–૦ |
| (૭) કુમારપાળ પ્રતિબોધ | રૂા. ૩-૧૨-૦ | (૧૪) ,, સોળમો ઉદ્ધાર | રૂા. ૦–૪–૦ |
| (૮) જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨–૦–૦ | (૧૫) શ્રી તીર્થંકર ચરિત્ર | રૂા. ૦ ૧૦ ૦ |

### શ્રી ઉપયોગી સુંદર ચરિત્ર—

# સતી સુરસુંદરી ચરિત્ર.

( લેખક : શ્રા. સુશીલ )

**( રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળાનાગને શાંત કરવામાં જળ અને મંત્રની ઉપમાને યોગ્ય અદ્દભુત રસિક કથાગ્રંથ. )**

આ શ્રી ઉપયોગી કથાની રચના જૈન કથાસાહિત્યમાં બહુ જ આદરને પાત્ર મનાય છે. વૈરથી ધગધગતા અને રાગ–મોહથી મૂંઝાતા હૈયાને શાંત બનાવવાની કલાકુશળતા અને તાર્કિકતા કર્તા વિદ્વાન મહારાજે આ ગ્રંથમાં અદ્દભુત રીતે બતાવી છે.

કથારસિક વાચકવર્ગ કંટાળી ન જાય તે માટે પ્રથમ કથા–ચરિત્ર પછી કેવળી ભગવાનની ઉપદેશધારા અને તે પછી પ્રાસંગિક નૈતિક ઉપદેશશ્લોકો ( મૂળ સાથે ભાષાંતર ) સુધાબિંદુ એ પ્રમાણે ગોઠવીને ગ્રંથ આધુનિક પદ્ધતિએ મૂળ આશય સાચવી તૈયાર કરેલ છે.

રસદૃષ્ટિ, ઉપદેશ, ચરિત્ર–કથા અને પ્રાચીન સાહિત્યની દૃષ્ટિએ આ ગ્રંથ એક કિંમતી અણમોલ અને અનુપમ ગ્રંથ છે. એન્ટીક પેપર ઉપર સુંદર અક્ષરો અને રેશમી કપડાના સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટેજ અલગ.

For Private And Personal Use Only